### મતદાનને ગણતરીની કલાકો બાકી હોય તે સમયે ચુકાદો

# અમરેલી પાલિકાની વોર્ડ નં.-૨ નાં કોંગ્રેસના ઉમેદવારને ચેક રીટર્ન કેસમાં ૧ વર્ષની સજા

## કોંગી ઉમેદવારની પોલીસે અટકાયત કરી જેલ હવાલે કર્યા

અમરેલી, તા. ૨૨

અમરેલીમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીનો માહોલ બરાબર ગરમાયો છે. ત્યારે એક મહત્વપૂર્ણ ઘટના સામે આવી છે. અમરેલી સહકારી બેંકના ચેક રિટર્ન કેસમાં અમરેલી કોર્ટે કોંગ્રેસના અમરેલી નગરપાલિકાના વોર્ડ નંબર ૧ના ઉમેદવાર હસન બલોચને એક વર્ષની સજા ફટકારી છે. જેને પગલે પોલીસે તેમની અટકાયત કરી હતી.



કોર્ટના આદેશ બાદ અમરેલી એલ.સી.બી. પોલીસે હસન ઉમરભાઈ બલોચની અટકાયત કરી હતી. બાદમાં સીટી પોલીસને સોંપી આપતાં પોલીસ દ્વારા તેમને કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા, જયાંથી તેમને જેલ હવાલે કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ચૂંટણીના સમય ગાળામાં આ ઘટના રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બની છે. આ મામલે આગામી દિવસોમાં રાજકીય પ્રતિક્રિયાઓ વધુ તેજ બનવાની શકયતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ બનાવના પગલે અમરેલી શહેર કોંગ્રેસના આગેવાનોનો પ્રતિભાવ જાણવાં માટે ટેલિફોનિક સંપર્ક કરવામાં આવતાં એકપણ કોંગી આગેવાનોએ ફોન રિસીવ નહીં કરતાં આ બનાવને લઈ કોંગ્રેસ કોમામાં સરી ગઈ હોય તેવો ઘાટ સર્જાયો છે.

### આઈ.પી.એલ.ની ક્રિકેટ મેચ ઉપર

# સાવરકુંડલામાં સટ્ટો રમતા ઈસમની ૧.૨૩ લાખનાં મુદ્દામાલ સાથે અટકાયત

## એસપી.ની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

અમરેલી, તા. ૨૨

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ જુગાર તથા ક્રિકેટનો સટ્ટાની પ્રવૃતિ કરતા ઈસમો ઉપર જરૂરી વોચ ગોઠવી અને તેમનાં ઉપર સફળ રેઈડ કરવા સુચના આપેલ હોય અમરેલી એલ.સી.બી.ટીમે બાતમી હકિકત આધારે સાવરકુંડલામાં જાહેરમાં આઈ.પી.એલ.ની સનરાઈઝ હૈદરાબાદ અને દિલ્હી કેપીટલ્સ વચ્ચેની લાઈવ ક્રિકેટ મેચ ઉપર મોબાઈલ ફોનમાં Swastik Live Tv નામની એપ્લીકેશન મારફતે ક્રિકેટ



મેચમાં રનફેરનો ભાવ ફોનથી સહ આરોપીઓને આપી. પૈસા વડે ''ક્રિકેટનો સટ્ટો'' રમી/ રમાડતા સાવરકુંડલાના નુરાનીનગરમાં રહેતા રૂસ્તમ ઉર્ફે બાવલો હબીબભાઈ કુરેશી નામનાં ઈસમને રોકડા રૂપિયા ૨૩,૫૦૦ તથા મોબાઈલ ફોન ૧ કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૧,૨૩, ૫૦૫ ના મુદામાલ સાથે પકડી પાડી, તથા આ બનાવમાં સંડોવાયેલ મહુવા ગામે રહેતા આરોપીઓ જીતુ મગનભાઈ મારૂ, મહેશ જેન્તીલાલ મહેતા તથા સાદીક કરીમભાઈ સોરઠીયા વિરૂધ્ધ જુગાર ધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ આરોપી રૂસ્તમ ઉર્ફે બાવલાને મુદામાલ સાથે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

### સૂર્યનારાયણ કાળઝાળ બન્યા

# દામનગરમાં ૪૦ ડીગ્રી તાપમાનથી બપોરનાં સમયે બજારો સુમસામ

## શેરડીનો રસ, આઈસ્ક્રીમનો વપરાશ વધ્યો



દામનગર, તા. ૨૨

દામનગરમાં ૪૦ ડીગ્રી તાપમાનથી બપોરનાં બજારો સુમસામ. એસી અને પંખાની સાથે શેરડીનો રસ, આઈસ્કીમ અને ઠંડા પીણાનો વધુ વપરાશ. ઉનાળાની શરૂઆત પછીનાં દિવસો બાદ છેલ્લા કેટલાક દિવસોથી તાપમાનમાં વધારો થઈ રહ્યો છે. ગુજરાતના મોસમના વાતાવરણ વચ્ચે માવઠાની આગાહી મુજબ અમુક જિલ્લાઓમાં વરસાદ થતો રહે છે. અમરેલી જિલ્લાના દામનગર શહેરમાં છેલ્લા પાંચેક દિવસથી ૪૦ ડીગ્રી તાપમાન રહેતું હોય બપોરના સમયે અને સાંજના પાંચેક વાગ્યા સુધી લોકોની અવરજવર ખૂબજ ઓછી જોવા મળે છે. તાપમાનથી રાહત મેળવવા માટે ઠંડા પીણાનો અને આઈસ્કીમ જેવા પ્રવાહીનો નાગરિકો સહારો લઈને ઊંચા તાપમાનનો સામનો કરી રહ્યા છે. જયારે આગામી રવિવારે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના મતદાન માટે પ્રચાર કાર્ય ખાસ કાંઈ જોવા મળતું નથી..!! ઉમેદવારો અને તેમના સાથી મિત્રો દામનગર નગરપાલિકામાં જીત હાંસલ કરવા મહેનત કરી રહ્યાં છે. દામનગરમાં ત્રિપાંખીયો જંગ જામશે.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર

અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...

અનિલસિંહ જનવાર : Mo.9426831241

શ્રી ગણેશ

3D/4D સોનોગ્રાફી & એકસરે કિલનિક



ડો. ભરત બી. પાડા MBBS, DMRE

Consultant Radiologist & Sonologist

બી.એમ. ચોક. માણેકપરા. મેઈન રોડ. લીલીયા રોડ. અમરેલી

ફોન : ૦૨૭૯૨ - ૨૨૦૩૩૩ મોબાઈલ : ૯૯૨૫૨ ૬૭૯૮૧ - ૯૯૦૧૮ ૨૯૪૯૧

આયુરગ્લો

Herbal Ubtan Powder

કુદરતી સૌંદર્ય મેળવવાનો સાચો રસ્તો

(Chandana, Taruni, Musta, Manjistha, Lodhra, Neema, Multani Mitti, Lakadong Haridra, Aguru Essence)




દુકાન નં. 1-2, ગ્રાઉન્ડ ફ્લોર, હોટેલ અમરેલી ઇન, સ્ટેશન રોડ, માણેકપરા, અમરેલી

''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭


### ૩ ભાઈઓએ બહેનને ભગાડી જવાનાં મુદ્દે કરી હત્યા

# રાજુલાનાં ધારેશ્વર ગામે કૌટુંબિક બહેનને ભગાડી જનાર યુવકને ૩ ઈસમોએ મોતને ઘાટ ઉતાર્યો

## કમરપટ્ટા તથા દોરી વડે બેફામ માર મારતા યુવકનું મોત

અમરેલી, તા. ૨૨

પોતાના જ કૌટુંબિક ભાઈની દીકરીને એક વર્ષ પહેલાં ભગાડી જનારને ભાઈઓએ કહેલ કે તું અમારી બહેનને ભગાડી લઈ ગયેલ હતો જેથી અમારી આબરૂ જતી રહેલ છે. તેમ કહી ત્રણ આરોપીઓએ આ યુવકને પેન્ટના પટ્ટા તથા દોરી વડે આખા શરીરે આશરે બે કલાક સુધી અતિશય માર મારી જીવલેણ ઈજાઓ કરી યુવકને પાછો વાડીએ મુકી ગયાં હતાં. આ યુવકનું મોત નિપજતાં પોલીસે આ બનવાનાં ત્રણ આરોપીઓને ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.




રાજુલા તાલુકાના ઘારેર ગામે ધારનાથ રોડ ઉપર રહેતાં નરશીભાઈ ટભાભાઈ સોલંકીના ભાઈ મરણ જનાર દિનેશભાઈ ટભાભાઈ સોલંકી નામનાં ૩૫ વર્ષીય યુવકને તેમના કૌટુંબીક ભાઈ ભનુભાઈની દિકરી સોનલ સાથે પ્રેમ સબંધ હોય. જેથી તેણીને એક વર્ષ પહેલા ભગાડીને મોરબી લઈ ગયેલ હતો અને આ સોનલ પણ બે મહિના સુધી દિનેશભાઈ સાથે મોરબી રહયા બાદ પરત તેના પિતાના ઘરે આવતી રહેલ હતી.

તેથી જ ગામે રહેતાં સોનલના ભાઈ આરોપી રાજેશ ઉર્ફ રાકેશ ભનુભાઈ સોલંકી તથા સુરસિંહ ભનુભાઈ સોલંકી અવાર નવાર આ દિનેશભાઈને સામે મળે ત્યારે ધાક ધમકીઓ આપતા હતા. તે વાતનું આ દિનેશભાઈ તથા આરોપીઓ વચ્ચે મન દુઃખ ચાલતુ હતું.

ગત તા. ૧૮ રોજ મોરબીથી રાજુલા તાલુકાના ભાક્ષી-૧ ગામે કાળુભાઈની વાડીએ દિનેશભાઈ મજુર લેવા માટે આવેલ હતા અને તે કાળુભાઈની વાડીએ સુતા હતા. તેવામાં રાત્રીના સાડા આઠેક વાગ્યે રાજેશ ઉર્ફ રાકેશ સોલંકી, સુરસિંહ સોલંકી તથા નવી માંડરડી ગામે રહેતાં કેવલ નામનાં ત્રણેય આરોપીઓ એકસંપ કરી એક મોટર સાયકલ લઈ તે વાડીએ જઈ અને મરણ જનાર દિનેશભાઈને તે વાડીથી થોડે દુર ધારેર જવાના કાચા રસ્તે લઈ જઈ ત્રણેય આરોપીઓએ મરણ જનારને કહેલ કે તું અમારી બહેનને ભગાડી લઈ ગયેલ હતો જેથી અમારી આબરૂ જતી રહેલ છે. તેમ કહી મરણ જનારને ગાળો આપી આરોપીએ પોતાના પેન્ટના પટ્ટા તથા દોરી વડે આખા શરીરે વારા ફરતી આશરે બે કલાક સુધી પટ્ટા તથા દોરી વડે અતિશય માર મારી આખા શરીરે જીવલેણ ઈજાઓ કરી મરણ જનારને પાછો તે વાડીએ મુકી ગયાં હતાં.

બાદ મરણ જનારને શરીરે અસહય દુઃખાવો થતા સારવાર માટે દાખલ કરેલ. મરણ જનારના શરીરે અસંખ્ય જગ્યા ઉપર સતત મુંઢમાર મારી જીવલેણ ઈજાઓ કરી મરણ જનાર દિનેશભાઈ ટભાભાઈ સોલંકી નામનાં ૩૫ વર્ષીય યુવકને મોત નિપજાવી દીધાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

આ બનાવમાં રાજુલા પોલીસ પોલીસ સ્ટેશનના પી.આઈ. વી.એમ. કોલાદરા તથા ટીમે બનવાની ગંભીરતા સમજી અને આરોપીઓ નાશી છૂટે તે પહેલાં જ ત્રણેય આરોપીઓને ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

### કોંગ્રેસ પક્ષ દ્વારા અવાર-નવાર અન્યાય થતાં

# અમરેલીનાં કોંગ્રેસ અનુ.જાતિ વિભાગનાં પ્રમુખે ભાજપનો કેસરીયો ધારણ કર્યો

## ઉર્જા રાજયમંત્રી કૌશિક વેકરિયાએ અવકાર્યા

અમરેલી, તા. ૨૨

છેલ્લા પાંત્રીસ વર્ષથી કોંગ્રેસમાં નિષ્ઠાપૂર્વક અને વફાદારીથી



કામ કરતા દલિત આગેવાન, પૂર્વ અમરેલી શહેર કોંગ્રેસના અનુ.જાતિ. વિભાગના પ્રમુખ, પૂર્વનગરસેવક એડવોકેટ ડી.ડી. પરમારે આજ રોજ કોંગ્રેસ પાર્ટીમાંથી નારાજગીને લઈને પાર્ટી ત્યજી વિધિવત રીતેમાં કાયદામંત્રી કૌશિક ભાઈ વેકરીયા હસ્તે ભારતીય જનતા પાર્ટીમા જોડાયા છે.

કારણ જાણવા મુજબ અમરેલી નગર પાલીકામાં તેમના પત્ની ૨૦૧૫માં ચૂંટાયેલ હોય અને ૨૦૨૧માં ચાલુ સભ્ય હોવા છતાં તેમની ટિકિટ કાપી અન્યને આપવામાં આવી, ત્યાર બાદ આ ચાલુ સાલ – ૨૦૨૬ની ચૂંટણીમાં ફરી વખત ટિકિટ કાપવામાં આવી.

આમ વારંવાર ટિકિટ કોઈપણ કારણ વિના કાપવામાં આવતા અને અપમાન કરવામાં આવતા, પોતાની લાગણીને ઠેસ પહોંચાડવામાં આવતા પહેલા પાર્ટીમાંથી રાજીનામુ આપેલ અને આજરોજ ભા.જ.પ પાર્ટીમા પ્રવેશ કરેલ છે.


સ્વાસ્થ્યની સફરમાં તમારો આજીવન સાથી

૧૨,૦૦૦+ દર્દીઓના જીવનમાં હોમિયોપેથી દ્વારા સકારાત્મક પરિવર્તન

લાંબી અને જટિલ માંદગીમાંથી મુક્તિ માનસિક સ્વાસ્થ્ય, ન્યુરોલોજીકલ અને ચેતાતંત્રના રોગો, ચામડી અને સૌંદર્યલક્ષી રોગો, શ્વસનતંત્રના રોગો, સ્ત્રીરોગ, હોર્મોન્સ અને ડાયાબિટીસની સારવાર કિડની અને મૂત્રમાર્ગના રોગો, પેટ અને પાચનના રોગો, સાંધાના રોગો



SANSKAR HOMEO CARE

ડો. જીતેન્દ્ર પટેલ (BHMS)

સંસ્કાર હોમિયો કેર

લાઈફલાઈન કોર્નર સામે, માણેકપરા અમરેલી

MO.9998362335

શ્રી સહજાનંદ એજયુકેશન ટ્રસ્ટ સંચાલીત

**શ્રી સહજાનંદ આર્ટસ & કોમર્સ કોલેજ**

દામનગર, તા. લાઠી, જી. અમરેલી પીન : ૩૬૫૨૨૦

ઉપરોકત કોલેજમાં ખાલી પડેલ શૈક્ષણિક જગ્યાઓ માટે યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. રસ ધરાવતા ઉમેદવારોએ તમામ જરૂરી પ્રમાણપત્રો સાથેની અરજી જાહેરાત પ્રસિધ્ધ થયાના દિવસ-૧૦ (દસ)માં ઉપરના સરનામે રજી.એડીથી મોકલી આપવાની રહેશે.

આસીસ્ટન્ટ પ્રોફેસર : સમાજશાસ્ત્ર, હિન્દી, ગુજરાતી, મનોવિજ્ઞાન, અંગ્રેજી, અર્થશાસ્ત્ર, એકાઉન્ટન્સી

લાયકાત : ૫૫% માસ્ટર ડીગ્રી NET, SLET

પ્રિન્સીપાલ : Ph.D., NET, SLETને પ્રાધાન્ય પી.ટી. આઈ. Ph.D., NET, SLET અથવા M.P. Ed.

પગાર ધોરણ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નિયમો મુજબ

મેનેજીંગ ટ્રસ્ટશ્રી


# વડિયા : મચ્છુમાતા મંદિરે માલધારી સમાજ દ્વારા ૨૪ કલાકનાં માંડવાના કાર્યક્રમમાં રાજયનાં મંત્રી કૌશિકભાઈ વેકરિયાની હાજરી



વડીયા શહેર ખાતે સ્થિત પવિત્ર મચ્છુમાતા મંદિરે માલધારી સમાજ દ્વારા શ્રદ્ધા, ભક્તિ અને ઉત્સાહ સાથે ૨૪ કલાકના માતાજીના માંડવાનો ભવ્ય કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સમાજના આગેવાનો, યુવાનો, મહિલાઓ તથા ભક્તજનો ઉપસ્થિત રહી માતાજીની પૂજા અર્ચના અને ડાક સાથે માતાના આશીર્વાદ મેળવ્યા હતા આ પ્રસંગે મંદિર પરિસર ભક્તિમય માહોલથી ગુંજી ઉઠયું હતું. મચ્છુમાતાના માંડવાના આ કાર્યક્રમ દરમિયાન સતત ૨૪ કલાક સુધી માતાજીની પૂજા – અર્ચના, ભજન-કીર્તન, આરતી તેમજ ડાક સાથે ધાર્મિક વિધિઓ યોજાઈ હતી. ભક્તોએ માતાજીના દર્શન કરી શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થનાઓ કરી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન શ્રદ્ધાળુઓમાં વિશેષ ઉમંગ અને આસ્થા જોવા મળી હતી. આ ધાર્મિક પ્રસંગને વધુ ગૌરવપૂર્ણ બનાવતા રાજયના પ્રતિષ્ઠિત મંત્રી કૌશિકભાઈ વેકરિયાએ ખાસ ઉપસ્થિતિ નોંધાવી હતી. મંત્રીએ મચ્છુમાતાના દર્શન કરી આશીર્વાદ મેળવ્યાઅને સમાજના લોકો સાથે ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લીધો હતો. તેમણે માલધારી સમાજ દ્વારા કરવામાં આવેલા આ ધાર્મિક આયોજનની પ્રશંસા કરી અને સમાજની એકતા તથા સંસ્કૃતિ જાળવવાના પ્રયાસોને બિરદાવ્યા હતા.કાર્યક્રમ દરમિયાન મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ પ્રસાદનો લાભ લીધો હતો. તેમજ સમગ્ર આયોજન વ્યવસ્થિત રીતે પાર પાડવા માટે માલધારી સમાજના આગેવાન જગદીશભાઈ ભરવાડ, વિભાભાઈ ભરવાડ અને યુવાનો દ્વારા મહેનત કરવામાં આવી હતી, જેના કારણે કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો. સાથે વડિયા જીલ્લા પંચાયત પૂર્વ સદસ્ય વિપુલભાઈ રાંક, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર તાલુકા પંચાયત પ્રમુખ પરશોતમભાઈ હિરપરા, ગોપાલભાઈ અંટાળા, વડિયા જીલ્લા પંચાયત સિટના ઉમેદવાર પારૂલબેન ચેતનભાઈ દાફડા તાલુકા પંચાયત ઉમેદવાર તુષારભાઈ ગણાત્રા, ઉમેદવાર શિલ્પાબેન હરેશભાઈ રાદડિયા, તુષારભાઈ વેગડ, અનિરૂદ્ધભાઈ બોરીચા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ રીતે વડીયા શહેરમાં યોજાયેલ મચ્છુમાતાના માંડવાનો કાર્યક્રમ માત્ર ધાર્મિક નહીં પરંતુ સામાજિક એકતાનું ઉત્તમ ઉદાહરણ બની રહ્યો છે. માલધારી સમાજ દ્વારા આવનારા સમયમાં પણ આવા ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય તેવી ભાવના વ્યક્ત કરવામાં આવી હતી.

### ઈરાનની સરકારમાં અંદરોઅંદર જ મતભેદ છેઃ અમેરિકાનો દાવો

# હારનાર પક્ષ શરતો કેવી રીતે મૂકી શકે?: અમેરિકાને ઈરાનનો જવાબ

## ઈરાનના આ આક્રમક વલણથી સ્પષ્ટ થાય છે કે તેહરાન અત્યારે અમેરિકાના દબાણ સામે ઝૂકવા તૈયાર નથી અને પોતાના રાષ્ટ્રીય હિતોને પ્રાધાન્ય આપી રહ્યું છે

તહેરાન, તા.૨૨

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષમાં ફરી એકવાર મડાગાંઠ સર્જાઈ છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પાકિસ્તાનની મધ્યસ્થી બાદ એકતરફી રીતે યુદ્ધવિરામ લંબાવવાની જાહેરાત કરી હતી, પરંતુ ઈરાને આ પ્રસ્તાવને સખત શબ્દોમાં ફગાવી દીધો છે. ઈરાનની સંસદના સ્પીકરના સલાહકાર મહેદી મોહમ્મદીએ તીખી પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, ટ્રમ્પનું સીઝફાયર એક્સટેન્શન કોઈ અર્થ ધરાવતું નથી, કારણ કે હારનાર પક્ષ ક્યારેય શરતો લાદી શકે નહીં. ઈરાનના આ આક્રમક વલણથી સ્પષ્ટ થાય છે કે તેહરાન અત્યારે અમેરિકાના દબાણ સામે ઝૂકવા તૈયાર નથી અને પોતાના રાષ્ટ્રીય હિતોને પ્રાધાન્ય આપી રહ્યું છે.જોકે વિશ્વ માટે રાહતની વાત છે કે બંને દેશો તરફથી આક્રમક નિવેદનો છતાં અત્યારે ન તો મોટા પાયે હુમલા થઈ રહ્યા છે, ન તો સૈન્ય ગતિવિધિઓ વધી છે. નિષ્ણાતોના મતે, આ એક એવી સ્થિતિ છે જ્યાં કોઈ પણ પક્ષ ખુલ્લેઆમ પાછળ હટવા તૈયાર નથી પણ સામે મોટું યુદ્ધ છેડવાનું જોખમ પણ લેવા માંગતો નથી. બીજી તરફ, અમેરિકાએ દાવો કર્યો છે કે ઈરાન સરકારમાં આંતરિક રીતે ભારે મતભેદો છે, જેને કારણે તેઓ કોઈ મક્કમ નિર્ણય લઈ શકતા નથી. આ જ કારણસર પાકિસ્તાનને વધુ સમય આપવામાં આવ્યો છે જેથી કોઈ નક્કર સમજૂતીનો માર્ગ મોકળો થઈ શકે.ટ્રમ્પની જાહેરાત બાદ અમેરિકાના ઉપરાષ્ટ્રપ્રમુખ જેડી વેન્સનો ઈસ્લામાબાદ પ્રવાસ રદ કરવામાં આવ્યો છે અને ઈરાને પણ પોતાના પ્રતિનિધિઓ મોકલવાની ના પાડી દીધી છે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ અમેરિકા દ્વારા કરવામાં આવેલી નૌકાદળની નાકાબંધીને 'એક્ટ ઓફ વોર' એટલે કે યુદ્ધ સમાન ગણાવી છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે નાકાબંધી પોતે જ સીઝફાયરનું ઉલ્લંઘન છે. હાલમાં હોર્મુઝની ખાડી અને ન્યુક્લિયર પ્રોગ્રામ મુખ્ય વિવાદના મુદ્દા છે. ટ્રમ્પે ચેતવણી આપી છે કે જો સમજૂતી નહીં થાય તો બોમ્બમારો ફરી શરૂ થઈ શકે છે. હવે જોવાનું એ રહેશે કે આ ગજગ્રાહ શાંતિ મંત્રણા તરફ વળે છે કે પછી ફરી એકવાર રણમેદાનમાં ફેરવાય છે.

### અભિષેક શર્માએ બનાવ્યો વધુ એક વર્લ્ડ રેકોર્ડ

# અભિષેક શર્માએ ક્રિસ ગેલ અને એરોન ફિન્ચનો તોડ્યો વર્લ્ડ રેકોર્ડ

## આ રેકોર્ડ હાંસલ કરનાર વિશ્વનો પ્રથમ ખેલાડી બન્યો

નવી દિલ્હી, તા.૨૨

IPL 2026માં અભિષેક શર્મા એક પછી એક શાનદાર પ્રદર્શન દ્વારા સતત પોતાની ક્ષમતા સાબિત કરી રહ્યો છે, જે દર્શાવે છે કે ICC T20 રેન્કિંગમાં તે વિશ્વના નંબર વન બેટ્સમેનનું બિરુદ શા માટે ધરાવે છે. T20 ક્રિકેટમાં અભિષેક શર્માએ હવે કયો નવો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે.IPL 2026ની ૩૧મી મેચ હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે સનરાઈઝર્સ હૈદરાબાદ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે રમાઈ હતી. આ મેચમાં પ્રથમ બેટિંગ કરતા હૈદરાબાદના યુવા ઓપનર અભિષેક શર્માએ તેની કારકિર્દીની બીજી સદી ફટકારતા ઘણા મોટા રેકોર્ડ તોડ્યા. અભિષેકે ફક્ત ૬૮ બોલમાં ૧૩૫ રનની અસાધારણ અણનમ ઈનિંગ રમી. તેણે ઈનિંગમાં ૧૦ ચોગ્ગા અને ૧૦ છગ્ગા ફટકાર્યા હતા. મેચમાં દિલ્હી કેપિટલ્સે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ પસંદ કરી. પરિણામે હૈદરાબાદે માત્ર બે વિકેટ ગુમાવીને ૨૪૨ રનનો મોટો સ્કોર બનાવ્યો. અભિષેકની સદી ઉપરાંત દક્ષિણ આફ્રિકાના બેટ્સમેન હેનરિક ક્લાસેને માત્ર ૧૩ બોલમાં ૩૭ રનની ધમાકેદાર ઈનિંગ રમીને દિલ્હીના બોલરોને હંફાવ્યા હતા.અભિષેક શર્માએ T20 ક્રિકેટમાં વધુ એક વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. અભિષેક T20 કારકિર્દીમાં ચોથી વખત એક ઈનિંગમાં ૧૩૦થી વધુ રન બનાવ્યા છે. આ પહેલા તેણે ગયા વર્ષે આઈપીએલ દરમિયાન પંજાબ કિંગ્સ સામે ૧૪૧ રનની કારકિર્દીની શ્રેષ્ઠ ઈનિંગ રમી હતી. વધુમાં ગયા વર્ષે જ અભિષેકે મુંબઈમાં યોજાયેલી ઈંગ્લેન્ડ સામેની ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં ભારત માટે ૧૩૭ રનની ઈનિંગ રમી હતી. તો સૈયદ મુશ્તાક અલી ટ્રોફી દરમિયાન તેણે બંગાળ સામે પંજાબ ટીમ માટે માત્ર ૫૨ બોલમાં ૧૪૮ રનની શાનદાર ઈનિંગ રમીને ઈતિહાસ રચ્યો હતો.અભિષેક શર્મા આ અનોખો રેકોર્ડ હાંસલ કરનાર વિશ્વનો પ્રથમ ખેલાડી બન્યો છે. તેણે વેસ્ટ ઈન્ડીઝના પૂર્વ ખેલાડી ક્રિસ ગેલ અને પૂર્વ ઓસ્ટ્રેલિયન કેપ્ટન એરોન ફિન્ચ દ્વારા અગાઉ બનાવેલ વર્લ્ડ રેકોર્ડ તોડ્યો છે.T20 ક્રિકેટમાં ૧૩૦થી વધુ રન બનાવનારા ખેલાડીઓમાં ટોપ-૩ પર નજર કરીએ તો, ભારતનો અભિષેક શર્મા હવે ટોપ પર છે. બીજા સ્થાને વેસ્ટ ઈન્ડિઝનો ક્રિસ ગેલ અને ઓસ્ટ્રેલિયાનો એરોન ફિન્ચ છે, જ્યારે ત્રીજા સ્થાને સંયુક્ત રીતે પાંચ ખેલાડીઓ છે, જેમણે બે વાર આ સિદ્ધિ હાંસલ કરી છે. આ ખેલાડીઓમાં ન્યુઝીલેન્ડના પૂર્વ કેપ્ટન બ્રેન્ડન મેક્કુલમ, ઓસ્ટ્રેલિયાના ગ્લેન મેક્સવેલ, ભારતના શ્રેયસ ઐયર, ન્યુઝીલેન્ડના ફિન એલન અને પાકિસ્તાનના સાહિબજાદા ફરહાનનો સમાવેશ થાય છે.

### રોડ સેફ્ટી નિયમોમાં આવશે બદલાવ

# સુપ્રીમ કોર્ટનો મોટો નિર્ણય, હાઈવે પર ટ્રક પાર્કિંગ પર કડક પ્રતિબંધ

## હવે વાહનો માત્ર નિર્ધારિત પાર્કિંગ ઝોન જગ્યાઓ પર જ ઉભા રહી શકશે : નિર્ણય રોડ અકસ્માતોમાં ઘટાડા માટે લેવાયો

નવી દિલ્હી, તા.૨૨

ભારતમાં રોડ સુરક્ષા મજબૂત બનાવવા માટે સુપ્રીમ કોર્ટે એક મોટું પગલું લીધું છે. કોર્ટે નોંધ્યું છે કે દેશના કુલ રોડ નેટવર્કમાં હાઈવેનો ભાગ માત્ર લગભગ ૨% છે, પરંતુ અહીં થતા અકસ્માતોનો હિસ્સો લગભગ ૩૦% જેટલો છે. આ આંકડો અત્યંત ચિંતાજનક છે અને આ જ કારણથી આ કડક નિર્ણય લેવામાં આવ્યો છે.સુપ્રીમ કોર્ટેના નિર્ણય પ્રમાણે હવે રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર ટ્રક અને કમર્શિયલ વાહનોનું પાર્કિંગ સંપૂર્ણપણે પ્રતિબંધિત રહેશે. વાહનો માત્ર સરકાર દ્વારા નિર્ધારિત પાર્કિંગ ઝોનમાં જ ઊભા રહી શકશે. આ નિયમના અમલ માટે ATMS, GPS ટ્રેકિંગ અને ઈ-ચલાન જેવી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.નવા આદેશ અનુસાર હવે કોઈપણ ટ્રક અથવા કમર્શિયલ વાહન હાઈવેની મુખ્ય લેન અથવા રોડના કિનારે ઊભું રહી શકશે નહીં. માત્ર નિર્ધારિત પાર્કિંગ સ્થળો, લેભાય (Lay-by) અથવા અધિકૃત જગ્યાઓ પર જ વાહનો પાર્ક કરી શકાશે. ખાસ કરીને રાત્રિના સમયે ઓછી દશ્યતા હોવાના કારણે ઉભા રહેલા ટ્રકો અકસ્માતનું મોટું કારણ બને છે.આ નિર્ણયને અસરકારક રીતે લાગુ કરવા માટે આધુનિક ટેકનોલોજીનો સહારો લેવામાં આવશે. ATMS (Advanced Traffic Management System), GPS આધારિત મોનિટરિંગ અને ઈ-ચલાન સિસ્ટમ દ્વારા નિયમ ભંગ કરનારાઓ સામે તરત કાર્યવાહી થઈ શકશે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI), રાજ્ય પોલીસ અને ટ્રાન્સપોર્ટ વિભાગને સાથે મળીને કામ કરવાની સૂચના આપવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે તમામ જિલ્લાઓને આ નિયમ અમલમાં મૂકવા માટે ૬૦ દિવસની સમય મર્યાદા આપી છે.

કોર્ટે હાઈવે આસપાસના અતિક્રમણ પર પણ કડક વલણ અપનાવ્યું છે. હવે હાઈવેની સીમામાં નવા ઢાબા અથવા કમર્શિયલ દુકાનો બનાવવાની મંજૂરી નહીં આપવામાં આવે. પહેલેથી આવેલા ગેરકાયદેસર બાંધકામોને પણ ૬૦ દિવસની અંદર દૂર કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. સાથે જ, હાઈવે નજીક આપવામાં આવેલા તમામ લાઈસન્સની સમીક્ષા કરવામાં આવશે. જિલ્લા સ્તરે ખાસ હાઈવે સેફ્ટી ટાસ્ક ફોર્સ બનાવવામાં આવશે જે સતત દેખરેખ રાખશે અને જરૂરી સુધારાત્મક પગલાં લેશે. કોર્ટે વધુમાં જણાવ્યું છે કે અકસ્માત-પ્રવણ વિસ્તારોમાં સારી લાઈટિંગ, સીસીટીવી અને નિયમિત અંતરે ટ્રક પાર્કિંગ માટે સુરક્ષિત લેભાય સુવિધાઓ વિકસાવવામાં આવે. આ પગલાંથી હાઈવે પર અકસ્માતોની સંખ્યા ઘટાડવામાં મદદ મળશે. સુપ્રીમ કોર્ટનો આ નિર્ણય દેશના હાઈવેને વધુ સુરક્ષિત બનાવવા તરફનું એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે. કડક નિયમો, ટેકનોલોજીનો ઉપયોગ અને તમામ એજન્સીઓની જવાબદારી સાથે હવે રોડ સુરક્ષા વ્યવસ્થામાં મોટો બદલાવ આવવાની શક્યતા છે.

### આયુષ મ્હાત્રે IPL 2026માંથી બહાર થયો

# આ પરિસ્થિતિ વચ્ચે ઉર્વિલ પટેલનું નામ અગ્રણી ખેલાડી તરીકે ઉભરી આવ્યું છે

## ઉર્વિલ એક આક્રમક બેટ્સમેન છે જેણે T20 ક્રિકેટમાં માત્ર ૨૮ બોલમાં સદી ફટકારવાની નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી

નવી દિલ્હી, તા.૨૨

IPL 2026 વચ્ચે ચેન્નાઈ સુપર કિંગ્સને મોટો ઝટકો લાગ્યો છે. ટીમના ૧૮ વર્ષીય યુવા બેટ્સમેન આયુષ મ્હાત્રે હવે આખી સીઝન માટે બહાર થઈ ગયો છે. એક સત્તાવાર નિવેદન જારી કરીને, ફ્રેન્ચાઈઝીએ પુષ્ટિ આપી કે ૧૮ એપ્રિલે રમાયેલી સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH) સામેની મેચ દરમિયાન બેટિંગ કરતી વખતે મ્હાત્રેને ડાબા પગમાં હેમસ્ટ્રિંગની ગંભીર ઈજા થઈ હતી.CSK અનુસાર, ઈજા એટલી ગંભીર છે કે આયુષને હવે ૬ થી ૧૨ અઠવાડિયા માટે રિહેબિલિટેશનમાંથી પસાર થવું પડશે, જેના કારણે તે IPL 2026માં વાપસી કરી શકશે નહીં. આ મેચમાં આયુષ મ્હાત્રે ઈમ્પેક્ટ સબસ્ટિટ્યુટ તરીકે મેદાનમાં ઉતર્યો હતો અને ૧૭ બોલમાં ૩૦ રન બનાવ્યા હતા. જોકે, રન લેતી વખતે તેને અચાનક દુખાવો થયો. તેમ છતાં તેણે થોડા સમય માટે બેટિંગ ચાલુ રાખી એક હકીકત જે હવે ટીમ મેનેજમેન્ટ પર પ્રશ્નો ઉભા કરી રહી છે.ચાહકો અને ક્રિકેટ નિષ્ણાતો CSKના નિર્ણયની ટીકા કરી રહ્યા છે. આ મુદ્દો ઝડપથી સોશિયલ મીડિયા પર વાયરલ થયો, જ્યાં ઘણા લોકોએ દલીલ કરી કે ખેલાડી શરૂઆતથી જ અસ્વસ્થ દેખાતો હતો અને તેના પગમાં સ્ટ્રેપ પણ હતો છતાં તેને બેટિંગ ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવી હતી. આ ઈજા CSK માટે ચિંતાનો વિષય છે, કારણ કે ટીમ પહેલાથી જ ઈજાઓને કારણે પરેશાન છે. ફાસ્ટ બોલર ખલીલ અહેમદ પણ ઈજાને કારણે બહાર છે, એવી પરિસ્થિતિ જે ટીમના સંતુલનને સતત ખલેલ પહોંચાડી રહી છે અને હવે આયુષ મ્હાત્રેની ખોટથી તેમની મુશ્કેલીઓમાં વધારો થયો છે. ટીમે હવે નવા કોમ્બિનેશન સાથે આગળ વધવું પડશે. ફ્રેન્ચાઈઝીએ જાહેરાત કરી છે કે આયુષ મ્હાત્રે IPL 2026ની બાકીની મેચોમાંથી બહાર થઈ ગયો છે. તેને ડાબા હેમસ્ટ્રિંગમાં ઈજા થઈ છે, જેના માટે ૬ થી ૧૨ અઠવાડિયાનો રિહેબિલિટેશનમાંથી પસાર થવું પડશે. અમે તેના ઝડપથી સ્વસ્થ થવાની શુભેચ્છા પાઠવીએ છીએ.આયુષ મ્હાત્રેની વાત કરીએ તો, તે ચાલુ IPL સીઝનમાં ચેન્નાઈ સુપર કિંગ્સ માટે સૌથી વધુ રન બનાવનાર ખેલાડી છે. ૬ મેચમાં ૬ ઈનિંગ્સમાં, આયુષે ૩૩.૫૦ની સરેરાશ અને ૧૭૭.૮૭ના સ્ટ્રાઈક રેટથી ૨૦૧ રન બનાવ્યા છે.

આયુષ મ્હાત્રે IPL 2026માંથી બહાર થયા પછી ચેન્નાઈ સુપર કિંગ્સ સામે હવે સૌથી મોટો પડકાર તેના સ્થાન માટે યોગ્ય વિકલ્પ શોધવાનો છે. જો કે, ટીમ પાસે મુંબઈ ઈન્ડિયન્સ સામેની તેમની આગામી મેચ પહેલા થોડો સમય છે, જેમાં વ્યૂહરચના બનાવવી પડશે.

CSKનો આગામી મુકાબલો ગુરુવારે વાનખેડે સ્ટેડિયમ ખાતે મુંબઈ ઈન્ડિયન્સ સામે છે. આ મેચમાં ટીમ પર દબાણ રહેશે. પરિણામે ટીમ કોઈપણ બિનજરૂરી જોખમ લેવાનું ટાળશે. આ પરિસ્થિતિ વચ્ચે ઉર્વિલ પટેલનું નામ અગ્રણી ખેલાડી તરીકે ઉભરી આવ્યું છે. ઉર્વિલ એક આક્રમક બેટ્સમેન છે જેણે T20 ક્રિકેટમાં માત્ર ૨૮ બોલમાં સદી ફટકારવાની નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે, જે તેની વિસ્ફોટક બેટિંગ કુશળતાનો પુરાવો છે.

આયુષ મ્હાત્રેના ગયા પછી CSKને એક એવા ખેલાડીની જરૂર છે જે ટીમમાં સરળતાથી સામેલ થઈ શકે અને નોંધપાત્ર ફેરફારો કર્યા વિના ટીમનું સંતુલન જાળવી રાખવામાં મદદ કરી શકે. ઉર્વિલ આ ભૂમિકા માટે યોગ્ય સાબિત થઈ શકે છે.

### ૨ દેશોએ વર્ષોથી બંધ પડેલો જૂનો રસ્તો ખોલ્યો

# પેટ્રોલ-ડીઝલની ચિંતા ખતમ, હવે હોર્મુઝ નહીં અન્ય રસ્તાથી આવશે તેલ

## ઈરાક અને સીરિયાએ રાબિયા-યરૂબિયા બોર્ડર ક્રોસિંગને ફરીથી ખોલીને તેલ સપ્લાય માટે જમીન માર્ગ રજૂ કર્યો

નવી દિલ્હી, તા.૨૨

ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા તણાવને કારણે હોર્મુઝ સ્ટ્રેટનો જળ માર્ગ આખી દુનિયા માટે ચિંતાનો વિષય બની ગયો છે. આવી સ્થિતિમાં ઈરાક અને સીરિયાએ એક મોટું પગલું ભર્યું છે, જે વૈશ્વિક ઓઈલ રાજકારણની દિશા બદલી શકે છે. વર્ષો સુધી બંધ રહેલી રાબિયા-યરૂબિયા બોર્ડર ક્રોસિંગને ફરીથી ખોલીને આ બંને દેશોએ દુનિયા સામે તેલ સપ્લાય માટે એક સુરક્ષિત જમીન માર્ગ રજૂ કર્યો છે. એક તરફ ઈરાને હોર્મુઝમાં કડક નિયંત્રણ લગાવીને તેલ ટેક્રરોની અવરજવર પર અંકુશ મૂક્યો છે, તો બીજી તરફ ઈરાક-સીરિયાનો આ નવો ઓઈલ ગેટવે અમેરિકા અને ઈઝરાયેલ સામેની પડકારજનક પરિસ્થિતિમાં નવી લાઈફલાઈન બની શકે છે.

હોર્મુઝ પર અમેરિકા અને ઈરાન વચ્ચે ભારે તણાવ છે અને આખી દુનિયા તેની અસર અનુભવી રહી છે. તેલની અછત અને વધતી કિંમતો વચ્ચે હોર્મુઝનો મુદ્દો હલ થઈ રહ્યો નથી. આવી સ્થિતિમાં, ઈરાક અને સીરિયાનો આ નિર્ણય ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. કહેવાય છે કે આ નવો રસ્તો હવે ઓઈલ સપ્લાય માટે લાઈફલાઈન સાબિત થશે. રાબિયા-યરૂબિયા બોર્ડર ક્રોસિંગ ૨૦૧૧માં સીરિયા ગૃહયુદ્ધ પછીથી બંધ હતું અને પછી ISISનો તેના પર કબજો હતો. જોકે, હવે તેને ફરીથી ખોલવું મોટી રાહત માનવામાં આવે છે.

કેવી રીતે મળશે મદદ? - જમીનથી વેપારઃ આ રસ્તો દરિયાની બદલે જમીન મારફતે તેલ અને અન્ય સામાન મોકલવાની સુવિધા આપે છે. જેના કારણે હોર્મુઝ જેવા જોખમી દરિયાઈ રસ્તાઓ પર આધાર ઘટશે. સુરક્ષિત વિકલ્પઃ સીરિયાના અધિકારીઓનું માનવું છે કે આ માર્ગ યુદ્ધ દરમિયાન પણ ઓઈલની નિકાસ માટે સુરક્ષિત વિકલ્પ બની શકે છે. શું આ રસ્તો બનશે હોર્મુઝનો વિકલ્પ? - નિષ્ણાતોના મતે, જો લાંબા સમય સુધી હોર્મુઝનો રસ્તો બંધ રહે છે, તો ઈરાક અને સીરિયાનો આ નવો માર્ગ આ દેશોની કિસ્મત બદલી શકે છે અને એટલું જ નહીં, પણ તે આંતરરાષ્ટ્રીય બજારમાં ઓઈલની અછત અટકાવવામાં પણ મદદરૂપ થઈ શકે છે. ઈરાકના પ્રાંતીય પરિષદની સભ્ય નાદિયા અલ-જુબૂરી અનુસાર, આ ક્રોસિંગ વેપાર અને તેલ પરિવહન માટે એક મહાન પ્રવેશદ્વાર બનશે.

અમેરિકા દ્વારા પીડિત બે દેશો બન્યા હીરો - અહીં સૌથી રસપ્રદ વાત એ છે કે, ઓઈલ માટે નવો રસ્તો શોધનાર આ બંને દેશો અમેરિકાના પીડિત છે. ઈરાકના સંદર્ભમાં પીડિત હોવાની વાત ૨૦૦૩ના અમેરિકાના વિશાળ હુમલા સાથે જોડાય છે. વર્ષો સુધી ચાલેલા આર્થિક પ્રતિબંધો અને બોમ્બમારાના કારણે ત્યાંની સામાન્ય જનતાએ ગરીબી અને દવાઓની અછત જેવી સમસ્યાઓ ભોગવી છે. આ ઉપરાંત સીરિયામાં અમેરિકા એ સીધી રીતે મોટી સેના મોકલેલી નથી, પણ રાજકીય અને આર્થિક સ્તરે ઘણો દખલ આપ્યો છે. હોર્મુઝનો રસ્તો બંધ રહેશે તો સર્જાશે સંકટ - અમેરિકા અને ઈઝરાયેલ સાથે ચાલી રહેલા સૈન્ય સંઘર્ષ વચ્ચે ઈરાને સ્ટ્રેટ ઓફ હોર્મુઝનો એક હથિયાર તરીકે ઉપયોગ કર્યો છે. શનિવારે રાત્રે ઈરાનના રેવોલ્યુશનરી ગાર્ડે સ્પષ્ટ કરી દીધું કે, જ્યાં સુધી અમેરિકી નૌકાદળનું ઘેરાવ દૂર નહીં થાય, ત્યાં સુધી આ રસ્તો બંધ રહેશે. ઈરાને ચેતવણી આપી છે કે, કોઈપણ જહાજની અવરજવર દુશ્મનને મદદ ગણાશે અને તેને નિશાન બનાવવામાં આવશે. જેના કારણે અનેક જહાજો ફસાઈ ગયા છે. જો આ રસ્તો આવી રીતે જ બંધ રહેશે, તો દુનિયાભરમાં પેટ્રોલ-ડીઝલની કિંમતો આસમાને પહોંચી શકે છે.

### જ્ઞાનસાધના મેરિટ સ્કોલરશીપની

# પરીક્ષામાં વિદ્યાર્થીઓને 3 ગુણ સુધીનું ગ્રેસિંગ મળશે

## ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને ૩ ગુણ, અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને ૨ ગુણ મળશે

અમદાવાદ, તા.૨૨

રાજ્યમાં ૪ એપ્રિલના રોજ લેવામાં આવેલી મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરિટ સ્કોલરશીપ પરીક્ષાની ફાઈનલ આન્સર કી જાહેર કરવામાં આવી છે. જેમાં ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને ૩ ગુણ અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને ૨ ગુણ ગ્રેસ તરીકે આપવાનો નિર્ણય કરાયો છે. આ ઉપરાંત, ગુજરાતીમાં ૩ પ્રશ્ન અને અંગ્રેજીમાં ૨ પ્રશ્નમાં એક કરતા વધુ વિકલ્પ સાચા હોવાનું જણાતા જે પણ સાચો વિકલ્પ લખ્યો હશે તેના ગુણ આપવામાં આવશે. આ પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાંથી ૬.૨૮ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જેમાંથી પરીક્ષા વખતે ૫.૧૧ લાખ વિદ્યાર્થી હાજર રહ્યા હતા. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ૪ એપ્રિલના રોજ મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ પરીક્ષા લેવામાં આવી હતી. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આયોજિત આ પરીક્ષા રાજ્યના તમામ જિલ્લામાં યોજવામાં આવી હતી. આ પરીક્ષા દ્વારા રાજ્યના તેજસ્વી અને આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓને ધો.૯થી ૧૨ સુધીના અભ્યાસ માટે આર્થિક સહાય આપવામાં આવે છે. દર વર્ષે ૨૫૦૦૦ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓને મેરિટના આધારે પસંદ કરી તેમને સ્કોલરશીપ આપવામાં આવે છે.વર્ષ ૨૦૨૬-૨૭ માટે યોજાયેલી આ પરીક્ષામાં કુલ ૬૨૮૪૦૭ વિદ્યાર્થીઓએ ઓનલાઈન અરજી હતી. રાજ્યના જિલ્લા મથકો પર યોજવામાં આવેલી આ પરીક્ષા માટે રાજ્યમાં કુલ ૨૭૦૨ ક્લસ્ટર લેવલના સીસીટીવી સુવિધાસભર કેન્દ્રોના કુલ ૨૪૪૧૦ બ્લોકમાં ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં લેવામાં આવી હતી. દરમિયાન, સમગ્ર રાજ્યમાંથી આ પરીક્ષા માટે નોંધાયેલા વિદ્યાર્થીઓ પૈકી ૫૧૧૫૧૮ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા અને ૧૧૬૮૮૯ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. આમ, એકંદર ૮૧.૪૦ ટકા વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. પરીક્ષા લેવામાં આવ્યા બાદ સૌપ્રથમ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરવામાં આવી હતી અને તેની સામે વાંધા હોય તો રજૂઆત કરવા માટેની તક આપવામાં આવી હતી. આ તક અપાયા બાદ જે રજૂઆતો મળી હતી તે નિષ્ણાંતો પાસે ચેક કરાવી ફાઈનલ આન્સર કી જાહેર કરવામાં આવી છે. જેમાં ગુજરાતી માધ્યમની આન્સર કીમાં ૩ પ્રશ્નોમાં ભૂલ હોવાના લીધે ગ્રેસ આપવાનો નિર્ણય કરાયો છે. જ્યારે ૩ પ્રશ્નોમાં એક કરતા વધુ વિકલ્પ સાચા હોવાનું જણાયું છે. જ્યારે અંગ્રેજી માધ્યમમાં ૨ પ્રશ્નોમાં ભૂલ હોવાનું જણાતા ગ્રેસ આપવાનું નક્કી કરાયું છે અને ૨ પ્રશ્નોમાં એક કરતા વધુ વિકલ્પ સાચા છે. જેથી ગમે તે સાચો વિકલ્પ લખ્યો હશે ગુણ આપવામાં આવશે.

### પહલગામ હુમલાને આજે એક વર્ષ

# કાશ્મીર જતાં પર્યટકોમાં ૪૦ ટકાનો જંગી ઘટાડો

## ખીણના જે રસ્તાઓ પ્રવાસીઓના કલરવથી ગુંજતા હતા, ત્યાં આજે નીરવ શાંતિ જોવા મળી રહી છે

જમ્મુ-કાશ્મીર, તા.૨૨

કુદરતી સૌંદર્યથી લથબથ કાશ્મીરની ખીણો આજે પણ ભયના ઓથાર હેઠળ હોય તેવું લાગી રહ્યું છે. ગયા વર્ષે ૨૨ એપ્રિલના રોજ પહેલગામની બાઈસરન વેલીમાં થયેલા ભયાનક આતંકી હુમલાને આજે એક વર્ષ પૂર્ણ થયું છે, પરંતુ તેની વિપરીત અસર પ્રવાસન ઉદ્યોગ પર સ્પષ્ટ દેખાઈ રહી છે.સામાન્ય રીતે વેકેશન દરમિયાન કાશ્મીર જવા માટે ગુજરાતીઓની પડાપડી થતી હોય છે. આંકડાઓ મુજબ એપ્રિલ-મે મહિનામાં દર વર્ષે ૫૦ થી ૭૦ હજાર ગુજરાતીઓ કાશ્મીર પહોંચતા હતા. આ વર્ષે પ્રવાસીઓની સંખ્યામાં ૪૦% સુધીનો ઘટાડો નોંધાયો છે. જે પ્રવાસીઓ કાશ્મીર જાય છે, તેમાંથી ૨૦% લોકો સુરક્ષાના કારણે પહેલગામ જવાનું ટાળી રહ્યા છે અને માત્ર શ્રીનગર, ગુલમર્ગ કે સોનમર્ગની મુલાકાત લઈ પરત ફરે છે.હુમલા બાદ સુરક્ષા એજન્સીઓએ કાશ્મીરમાં કડક બંદોબસ્ત ગોઠવ્યો છે. સોશિયલ મીડિયા પર અનેક વીડિયો દ્વારા કાશ્મીર સુરક્ષિત હોવાનો પ્રચાર પણ કરવામાં આવ્યો, છતાં પર્યટકોના મનમાંથી હુમલાનો ફાળો દૂર થયો નથી. ખીણના જે રસ્તાઓ પ્રવાસીઓના કલરવથી ગૂંજતા હતા, ત્યાં આજે નીરવ શાંતિ જોવા મળી રહી છે. કાશ્મીરમાં અસુરક્ષાની લાગણી જન્માવતા હવે સહેલાણીઓએ અન્ય પહાડી વિસ્તારો તરફ પ્રયાણ કર્યુ છે. કાશ્મીરના વિકલ્પ તરીકે હવે લોકો લેહ-લદાખ, શિમલા-મનાલી (હિમાચલ પ્રદેશ), સ્પીતી વેલી, જેવા સ્થળો પર વધુ પસંદગી ઉતારી રહ્યા છે. પર્યટન ઉદ્યોગ માટે આ સ્થિતિ ચિંતાજનક છે, કારણ કે આતંકની એક કાળી છાયાએ 'ધરતી પરના સ્વર્ગ' ગણાતા કાશ્મીરના અર્થતંત્રને પણ ફટકો માર્યો છે.

### "બમ બમ ભોલે" અને "જય કેદાર"ના નારા લાગ્યા

# બાબા કેદારનાથ ધામના કપાટ ખુલ્યા, વહેલી સવારથી જ જામ્યો શ્રદ્ધાળુઓનો મેળાવળો

## કેદારનાથ ધામને બાર જ્યોતિર્લિંગમાંથી અગિયારમા તરીકે પૂજવામાં આવે છે, એવું માનવામાં આવે છે કે ભગવાન શિવ પોતે જ્યોતિર્લિંગના રૂપમાં રહે છે

દેહરાદુન, તા.૨૨

ઉત્તરાખંડમાં આવેલા પવિત્ર કેદારનાથ ધામ ખાતે ચારધામ યાત્રા ૨૦૨૬નો ભવ્ય પ્રારંભ શ્રદ્ધા અને ભક્તિભાવના વાતાવરણ વચ્ચે થયો છે.

"બમ બમ ભોલે" અને "જય કેદાર"ના ગગનભેદી નારાઓ વચ્ચે શુભ મુહૂર્તમાં મંદિરના કપાટ ભક્તો માટે ખોલવામાં આવ્યા હતા, જેના કારણે સમગ્ર કેદારઘાટી ભક્તિમય બની ગઈ હતી. કપાટ ખુલતાની સાથે જ હજારો શ્રદ્ધાળુઓએ બાબા કેદારના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. અક્ષય તૃતીયાના શુભ અવસરે ચારધામ યાત્રાનો પ્રારંભ પહેલાથી જ ગંગોત્રી ધામ અને યમુનોત્રી ધામના કપાટ ખુલવાથી થઈ ચૂક્યો હતો, જ્યારે આગામી પડાવ તરીકે બદ્રીનાથ ધામના કપાટ ૨૩ એપ્રિલે ખોલાશે.

આ સાથે સમગ્ર ચારધામ યાત્રા પૂરજોશમાં શરૂ થવાની તૈયારીમાં છે અને દેશભરમાંથી લાખો ભક્તો ઉત્તરાખંડ તરફ પ્રયાણ કરી રહ્યા છે. કેદારનાથ ધામમાં આ વર્ષે વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો. મંદિર સંકુલને લગભગ ૫૧ ક્વિન્ટલ તાજા





ફૂલોથી સજાવવામાં આવ્યું હતું, જે ઋષિકેશ અને આસપાસના વિસ્તારોમાંથી લાવવામાં આવ્યા હતા. રંગબેરંગી ફૂલોથી સજાયેલું મંદિર ભવ્ય અને દિવ્ય દ્રશ્ય સર્જતું હતું. કપાટ ખુલવાની ક્ષણ જોવા માટે માત્ર ભારતમાંથી જ નહીં પરંતુ વિદેશથી પણ મોટી સંખ્યામાં ભક્તો આવ્યા હતા.

ધાર્મિક માન્યતાઓ અનુસાર કેદારનાથ ધામ ભગવાન શિવના બાર જ્યોતિર્લિંગોમાં અગિયારમા જ્યોતિર્લિંગ તરીકે અત્યંત પવિત્ર માનવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે શિયાળામાં કપાટ બંધ રહેતા હોવા છતાં પણ દેવતા અહીંથી ઉખીમઠ ખાતે પૂજા સ્વીકાર કરે છે, જ્યાં ઓમકારેશ્વર મંદિરમાં તેમની આરાધના કરવામાં આવે છે. શિયાળામાં ભારે હિમવર્ષાને કારણે બાબાની પાલખી નીચે લાવવામાં આવે છે અને ત્યારબાદ છ મહિના સુધી ભક્તો ત્યાં દર્શન કરે છે.

પૌરાણિક માન્યતાઓ મુજબ મહાભારત કાળમાં પાંડવો દ્વારા પાપોનું પ્રાયશ્ચિત કરવા માટે ભગવાન શિવની શોધ દરમિયાન કેદારનાથનું મહત્વ ઊભું થયું હતું. કહેવાય છે કે ભગવાન શિવે બળદનું સ્વરૂપ ધારણ કર્યું હતું અને જ્યાં તેમની પીઠનું અંશ દેખાયું હતું તે સ્થાન કેદારનાથ તરીકે ઓળખાયું. આદિ ગુરુ શંકરાચાર્ય દ્વારા આ મંદિરનું પુનઃનિર્માણ કરવામાં આવ્યું હતું અને ત્યારથી તે હિન્દુ ધર્મનું મહત્વપૂર્ણ તીર્થસ્થાન બની રહ્યું છે.

કપાટ ખુલતા જ સમગ્ર વિસ્તાર ભક્તિમાં તરબોળ થઈ ગયો હતો અને "જય કેદાર"ના નાદથી હિમાલય ગુંજી ઉઠ્યો હતો. ચારધામ યાત્રાના આરંભ સાથે ઉત્તરાખંડમાં ધાર્મિક પ્રવાસનને પણ નવી ઉર્જા મળી છે અને આગામી દિવસોમાં લાખો શ્રદ્ધાળુઓ આ પવિત્ર યાત્રામાં જોડાવાની અપેક્ષા છે.

### કેન્દ્ર સરકારે આપી મંજૂરી

# હવે વિમાનોના ઇંધણમાં પણ ઈથેનોલનું કરાશે મિશ્રણ

## આ નિર્ણયથી હવાઈ મુસાફરીને વધુ સ્વચ્છ બનાવવામાં મદદ મળશે, સાથે જ દેશની વિદેશી ઇંધણ પરની નિર્ભરતા પણ ઘટશે

નવી દિલ્હી, તા.૨૨

સરકારે એવિએશન સેક્ટરમાં મોંઘા કાચા ઈંધણની આયાત પર નિર્ભરતા ઓછી કરવા અને પ્રદૂષણ ઘટાડવા માટે મોટું પગલું ભર્યું છે. પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયે એવિએશન ટર્બાઈન ફ્યુઅલ(ATF)માં ઈથેનોલ બ્લેન્ડિંગની મંજૂરી આપી દીધી છે. આ સંબંધમાં મંત્રાલયે નોટિફિકેશન બહાર પાડીને ATF માર્કેટિંગ નિયમોમાં સુધારો કર્યો છે. આ નિર્ણયથી હવાઈ મુસાફરીને વધુ સ્વચ્છ બનાવવામાં મદદ મળશે. સાથે જ દેશની વિદેશી ઈંધણ પરની નિર્ભરતા પણ ઘટશે. જેથી આગામી સમયમાં હવાઈ મુસાફરી સસ્તી પણ થઈ શકે.નવા નિયમો મુજબ, એવિએશન ટર્બાઈન ફ્યુઅલની વ્યાખ્યામાં ફેરફાર કરવામાં આવ્યો છે. હવે ATFમાં હાઈડ્રોકાર્બન સાથે સિન્થેટિક કમ્પોનન્ટ્સ જેવા કે ઈથેનોલને પણ ભેળવી શકાશે.મહત્ત્વનું છે કે પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયે ૧૭ એપ્રિલ ૨૦૨૬ના નોટિફિકેશન દ્વારા એવિએશન ટર્બાઈન ફ્યુઅલ(ATF)ના નિયમોમાં ફેરફાર કર્યો છે. જેની વિગતો હવે બહાર આવી છે. મંત્રાલયે એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (રેગ્યુલેશન ઓફ માર્કેટિંગ) ઓર્ડર, ૨૦૦૧માં સુધારો કરીને ATFની વ્યાખ્યા અને તેના નિયમનની રીતને અપડેટ કરી છે. પેટ્રોલિયમ મંત્રાલયે એવિએશન ટર્બાઈન



ફ્યુઅલમાં સિન્થેસાઈઝ્ડ હાઈડ્રોકાર્બન (જે શેરડી, વેસ્ટ ઓઈલ, કૃષિ અવશેષો અથવા સિન્થેટિક ફ્યુઅલ જેવા બાયો-ફીડમાંથી બને છે)ને ભેળવવાની મંજૂરી આપી દીધી છે. સુધારેલા નિયમો હેઠળ હવે એવિએશન ટર્બાઈન ફ્યુઅલને હાઈડ્રોકાર્બનનું એક જટિલ મિશ્રણ, su IS 1571 ધોરણને અનુરૂપ હોય અથવા IS 17081 માં નિર્દિષ્ટ સિન્થેસાઈઝ્ડ હાઈડ્રોકાર્બન સાથે બ્લેન્ડ કરવામાં આવ્યું હોય તે રીતે વ્યાખ્યાયિત કરવામાં આવ્યું છે. સરકારનું આ પગલું સસ્ટેનેબલ એવિએશન ફ્યુઅલ (SAF)ને પ્રોત્સાહન આપવાની દિશામાં માનવામાં આવી રહ્યું છે. SAFને પરંપરાગત વિમાન ઈંધણનો સ્વચ્છ વિકલ્પ માનવામાંઆવેછે. તેવર્તમાન વિમાન પ્રણાલીઓમાં મોટા ફેરફારો કર્યા વિના ઉત્સર્જન ઘટાડવામાં મદદ કરી શકે છે. આ નિર્ણય ભારતની આયાતી અશ્મિભૂત ઈંધણ (Fossil Fuel) પરની નિર્ભરતા ઘટાડવાની વ્યૂહરચના સાથે પણ જોડાયેલો છે. દેશ તેની કુલ તેલની જરૂરિયાતના લગભગ ૮૭ ટકા આયાત દ્વારા પૂરી કરે છે. જો કે સરકારે આ નિયમને લઈને તાત્કાલિક કોઈ પણ પ્રકારનું લક્ષ્ય નિર્ધારિત કર્યું નથી, સાથે જ આ અધિસૂચનામાં કોઈ સમય સીમા પણ રાખવામાં આવી નથી. SAFને યોગ્ય ઢંગ મુજબ લાગુ કરવામાં આવશે તો હાલ મધ્ય પૂર્વયુદ્ધને કારણે હવાઈ સફરની વધેલી કિંમતો પર નિયંત્રણ આવી શકે છે જેથી હવાઈ મુસાફરી પણ સસ્તી થઈ શકે છે.

### ૨૬ દિવસમાં જ ગૃહ મંત્રીનું રાજીનામું

# નેપાળમાં વડાપ્રધાન બાલેન શાહની સરકારને મોટો ફટકો

## સુધન ગુરુંગે ભ્રષ્ટાચાર સામે આક્રમક વલણ અપનાવવાની અને સિસ્ટમ સાફ કરવાની મોટી વાતો કરી હતી

કાઠમાંડુ, તા.૨૨

નેપાળના રાજકારણમાં એક મોટો ઉલટફેર જોવા મળ્યો છે. નેપાળના ગૃહ મંત્રી સુધન ગુરુંગે ભારે વિવાદો અને ભ્રષ્ટાચારના આરોપો વચ્ચે બુધવારે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. આશ્ચર્યની વાત એ છે કે તેઓ માત્ર ૨૬ દિવસ પહેલા જ મંત્રી પદ પર નિયુક્ત થયા હતા.

ટૂંકા ગાળામાં જ તેમને ગંભીર આરોપોને કારણે સત્તા છોડવાની ફરજ પડી છે, જેને વડાપ્રધાન બાલેન શાહની સરકાર માટે મોટો આંચકો માનવામાં આવે છે.

સુધન ગુરુંગ પર વિવાદાસ્પદ ઉદ્યોગપતિ દીપક ભટ્ટ સાથે વ્યાપારી ભાગીદારી હોવાના અને માઈક્રો ઈન્સ્યોરન્સ કંપનીઓમાં શંકાસ્પદ રોકાણ કરવાના ગંભીર આરોપો લાગ્યા હતા. તપાસમાં બહાર આવ્યું હતું કે મંત્રી બન્યા પહેલા અને તે દરમિયાન તેમના નાણાકીય વ્યવહારો શંકાસ્પદ હતા. આ વિગતો જાહેર થતા જ વિપક્ષ અને નાગરિક સંગઠનોએ તેમના રાજીનામાની માંગ સાથે ઉગ્ર વિરોધ પ્રદર્શન શરૂ કર્યા હતા. ગૃહ મંત્રી પદ સંભાળ્યા બાદ સુધન ગુરુંગે ભ્રષ્ટાચાર સામે આક્રમક વલણ અપનાવવાની અને સિસ્ટમ સાફ કરવાની મોટી વાતો કરી હતી. જોકે, જ્યારે તેમના પોતાના જ અંગત રોકાણો અને વેપારી સંબંધો પર સવાલો ઉઠ્યા, ત્યારે તેઓ ચારેબાજુથી ઘેરાઈ ગયા હતા. પોતાની છબી ખરડાતા અને સરકાર પર દબાણ વધતા આખરે તેમણે પદ પરથી હટી જવાનો નિર્ણય લીધો હતો.નેપાળમાં છેલ્લા કેટલાક સમયથી રાજકીય અસ્થિરતા જોવા મળી રહી છે. નવી સરકારમાં સામેલ મહત્ત્વના મંત્રીનું આ રીતે ટૂંકા ગાળામાં રાજીનામું પડવું એ શાસક પક્ષ માટે ચિંતાનો વિષય છે. હાલમાં આ મામલે તપાસ તેજ કરવામાં આવી છે અને આગામી દિવસોમાં નેપાળના મંત્રીમંડળમાં મોટા ફેરફારો થવાની શક્યતા સેવાઈ રહી છે.

### હોર્મુઝમાં હાઈ ટેન્શન

# ગુજરાતના મુદ્રા પોર્ટ પર આવતા જહાજ પર ઈરાનનો હુમલો

## હુમલા છતાં ક્રૂના કોઈપણ સભ્યને ઈજા થઈ નથી

તેહરાન, તા.૨૨

હોર્મુઝ સ્ટ્રેટમાં ઈરાની જળસીમા પાસે ત્રણ અલગ-અલગ વેપારી જહાજો પર ગોળીબારની ઘટના સામે આવી છે. રોયટર્સના રિપોર્ટમાં કરવામાં આવેલા દાવા મુજબ આ હુમલા છતાં ક્રૂના કોઈપણ સભ્યને ઈજા થઈ હોવાના સમાચાર નથી અને તમામ સુરક્ષિત છે. રાહતની વાત એ છે કે જહાજોમાં આગ લાગવાની કે કોઈપણ પ્રકારના પર્યાવરણીય નુકસાનના અહેવાલ મળ્યા નથી. એવું કહેવાય છે કે, આ પૈકી અમુક જહાજ ગુજરાતના મુદ્રા પોર્ટ પર આવી રહ્યા હતા. એક જહાજે રિપોર્ટ આપ્યો છે કે ફાયરિંગ પહેલા એક IRGC (ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ) ગનબોટ તેની ખૂબ નજીક આવી ગઈ હતી. આ ઘટનાઓએ આંતરરાષ્ટ્રીય દરિયાઈ વેપાર માર્ગ પર સુરક્ષા સંબંધી ચિંતાઓને ફરી વધારી દીધી છે, ખાસ કરીને એવા સમયે જ્યારે મધ્ય પૂર્વમાં પહેલેથી જ અસ્થિરતા પ્રવર્તી રહી છે.

રોયટર્સના જણાવ્યા અનુસાર, ઓમાનના ઉત્તર-પૂર્વમાં ગોળીબાર અને રોકેટ-પ્રોપેલ્ડ ગ્રેનેડ (RPG)થી હુમલો થયા બાદ, લાઈબેરિયાના ધ્વજ ધરાવતા એક કન્ટેઈનર જહાજના બ્રિજને નુકસાન પહોંચ્યું છે. UKMTOએ જણાવ્યું કે જહાજના કેપ્ટને માહિતી આપી છે કે IRGCની એક ગનબોટ તેમના જહાજની નજીક આવી રહી હતી. UKMTO મુજબ, ત્યારબાદ જહાજ પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. જહાજના તમામ ક્રૂ સભ્યો સુરક્ષિત છે અને આ ઘટનાને કારણે જહાજમાં આગ લાગવાની કે પર્યાવરણને કોઈ નુકસાન પહોંચવાની કોઈ ઘટના બની નથી. દરિયાઈ સુરક્ષા સૂત્રોએ જણાવ્યું કે તે ગનબોટ પર ત્રણ લોકો સવાર હતા. ગ્રીક સંચાલિત કન્ટેઈનર જહાજના કેપ્ટને એમ પણ જણાવ્યું હતું કે ઘટના પહેલા કોઈ રેડિયો સંપર્ક થયો ન હતો અને જહાજને શરૂઆતમાં એવી જાણકારી આપવામાં આવી હતી કે તેને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થવાની મંજૂરી છે.

### અશ્વોને પહોંચી ઈજા, હાઈવે પર ટ્રાફિક જામ

# CM બંદોબસ્તમાં જતી પોલીસ અશ્વદળની વાન પલટી ગઇ

## આ દુર્ઘટનામાં વાનમાં રહેલા અશ્વો (ઘોડાઓ)ને નાની-મોટી ઈજાઓ પહોંચી હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે

બોટાદ,તા.૨૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે બોટાદ અને પ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરના પ્રવાસે છે, ત્યારે તેમના બંદોબસ્તમાં તૈનાત થવા જઈ રહેલા પોલીસ અશ્વદળના વાનને અકસ્માત નડ્યો હોવાના સમાચાર સામે આવ્યા છે. બોટાદથી સેથળી ગામ વચ્ચે પોલીસ અશ્વદળની વાન પલટી ખાઈ જતાં અફરાતફરી મચી ગઈ હતી.પ્રાપ્ત માહિતી અનુસાર, આજે મુખ્યમંત્રીના સાળંગપુર અને બોટાદ પ્રવાસને ધ્યાનમાં રાખીને અશ્વદળ પોલીસની વાન બંદોબસ્ત માટે સાળંગપુર તરફ જઈ રહી હતી. આ દરમિયાન બોટાદ અને સેથળી વચ્ચે બાજુમાંથી કોઈ અન્ય વાહન પસાર થતાં ચાલકે કાબૂ ગુમાવ્યો હતો અને પોલીસ વાન રસ્તા પર જ પલટી ગઈ હતી. આ દુર્ઘટનામાં વાનમાં રહેલા અશ્વો (ઘોડાઓ)ને નાની-મોટી ઈજાઓ પહોંચી હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે.હાઈવે પર પોલીસ વાન પલટી જતાં રસ્તો બ્લોક થઈ ગયો હતો, જેના કારણે વાહનોની લાંબી કતારો લાગી હતી અને ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે ઈજાગ્રસ્ત અશ્વોની સંભાળ લેવાની સાથે ક્રેનની મદદથી વાન હટાવી રસ્તો ખુલ્લો કરવાની કામગીરી હાથ ધરી છે. સદનસીબે કોઈ જાનહાનિના સમાચાર નથી, પરંતુ મુખ્યમંત્રીના કાર્યક્રમ પૂર્વે બનેલી આ ઘટનાએ તંત્રને દોડતું કરી દીધું છે.

### સ્થાનિકોએ લગાવ્યા 'ભાગ્યા..ભાગ્યા..'ના નારા

# ભાજપ ઉમેદવારને અધૂરા કામ બતાવ્યા તો જય શ્રી રામ બોલી ચાલતી પકડી

## સ્થાનિક લોકોએ પોતાના વિસ્તારની સમસ્યાઓ અને અધૂરા વિકાસ કાર્યો અંગે સવાલોનો મારો ચલાવ્યો હતા

અમદાવાદ,તા.૨૨

ચૂંટાયા બાદ ૫ વર્ષ સુધી અદ્રશ્ય થઈ ગયેલા નેતાઓ ચૂંટમી નજીક આવતા ફરી પાછા બહાર નીકળી આવ્યા છે. જનતાની નાની-મોટી અનેક સમસ્યાઓને અવગણીને કે તેની સામે આંખ આડા કાન કરી છઝમાં આરામ કરતાં નેતાઓ અને કાર્યકરો હવે ખરા તડકે વચનોની લ્હાણી કરી રહ્યા છે, લાગે છે મતદાનની તારીખ નજીક છે. પણ આ નેતાઓને ક્યાં ખબર છે જ્યારે અધૂરા કામો મત માગવા જાઓ ત્યારે સામે આવીને ઉભા હોય ત્યારે ૫ વર્ષમાં કરેલા કર્મ સામે આવે અને ફજેતી પણ થાય, આવું જ બન્યું અમદાવાદના શાહપુરમાં વોર્ડમાં જયાં ભાજપના ઉમેદવારો વોટ માગવા એક સોસાયટીમાં પહોંચ્યા તો ત્યાં સ્થાનિકો અને કોંગ્રેસના કાર્યકરોએ સત્યથી સામનો કરાવ્યો હતો, પણ નકટા બનેલા નેતાઓ સ્થાનિક લોકોની સમસ્યા સાંભળવાના બદલે અને સત્યનો સામનો કરવાને બદલે જય શ્રી રામના નારા લગાવતા ત્યાંથી ચાલ્યા ગયા હતા.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીને લઈને તમામ વોર્ડમાં ઉમેદવારોનો પ્રચાર હવે જોર પકડી રહ્યો છે, ત્યારે શાહપુર વોર્ડમાં ભારે રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. શાહપુર દરવાજા પાસે પ્રચાર માટે પહોંચેલા ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો આમને-સામને આવી જતાં બંને પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. પોતાના વિસ્તારમાં વોટ માંગવા માટે આવેલા ભાજપના ઉમેદવારોને સ્થાનિક લોકોએ અને કોંગ્રેસના ઉમેદવારોએ ભેગા મળીને વિસ્તારના અધૂરા અને પડતર કામો બતાવીને અરીસો બતાવવાનો પ્રયાસ કર્યો હતો.

સ્થાનિક લોકોએ પોતાના વિસ્તારની સમસ્યાઓ અને અધૂરા વિકાસ કાર્યો અંગે સવાલોનો મારો ચલાવ્યો હતો, જેના કારણે વાતાવરણ ગરમાયું હતું. જોકે, લોકોના આકરા સવાલોનો જવાબ આપવાના બદલે ભાજપના ઉમેદવારો ત્યાંથી 'જય શ્રી રામ'ના નારા લગાવીને ચાલતી પકડી હતી. ઉમેદવારોને આ રીતે જતા જોઈને સ્થાનિકો અને કોંગ્રેસના ઉમેદવારોએ પાછળથી 'ભાગ્યા... ભાગ્યા...' ના નારા લગાવીને ભારે હોબાળો મચાવ્યો હતો. ચૂંટણીના માહોલ વચ્ચે બનેલી આ ઘટના સમગ્ર શાહપુર વિસ્તારમાં ચર્ચાનો વિષય બની છે.

શહેરના અનેક વિસ્તારોમાં વર્ષોથી વણઉકેલ્યા પ્રશ્નો અને નેતાઓની ગેરહાજરીને કારણે લોકોનો ગુસ્સો સાતમા આસમાને છે. આ રોષની સૌથી ગંભીર અસર સરસપુરના અશોક મિલની નવી ચાલીમાં જોવા મળી હતી. અહીં ઈન્ડિયા કોલોની વોર્ડની પેનલના સમર્થનમાં પ્રચાર કરવા ગયેલા ભાજપના ૫૭ વર્ષીય કાર્યકર ધીરજભાઈ રાઠોડ અને અન્ય ઉમેદવારોને સ્થાનિક લોકોએ રોક્યા હતા. હસમુખ વોરા નામના વ્યક્તિએ 'અમારે ત્યાં પ્રચારમાં આવવાનું નથી' તેમ કહી કાર્યકરો સાથે ઝઘડો કર્યો હતો. મામલો એટલો બિચક્યો કે હસમુખ વોરાએ ધીરજભાઈનો કોલર પકડી તેમને બે-ત્રણ લાફા ઝીંકી દીધા હતા અને ધક્કો મારી નીચે પાડી દીધા હતા. આ હિંસક બનાવ અંગે શહેરકોટડા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે ભાજપના નેતાઓ માત્ર ચૂંટણી વખતે જ મોટા વાયદાઓ કરવા આવે છે, પરંતુ પાંચ વર્ષ સુધી કોઈ ડોકાતું નથી. આવી જ સ્થિતિ શહેરના અન્ય વિસ્તારોમાં પણ જોવા મળી રહી છે. અનિલ સ્ટાર્ચ મિલ વિસ્તારમાં જ્યારે ભાજપના ઉમેદવારો મત માંગવા પહોંચ્યા, ત્યારે રહીશોએ રોડ, ગટર અને પાણીના પ્રશ્નો મુદ્દે તેમને ઘેરાવો કરી 'ભાજપ હાય-હાય'ના સૂત્રોચ્ચાર કર્યા હતા. સ્થિતિ વણસતી જોઈ ઉમેદવારોએ પ્રચાર અધૂરો છોડીને ભાગવાની ફરજ પડી હતી. હાથીજણમાં પણ મહિલાઓએ ભાજપના ઉમેદવારો સામે હંગામો મચાવ્યો હતો. જ્યારે ભાજપના સમર્થકોએ દાદાગીરી કરવાનો પ્રયાસ કર્યો તો મહિલાઓએ તેમને આકરી ભાષામાં ખરીખોટી સંભળાવી હતી.

માત્ર સત્તાધારી પક્ષ જ નહીં, પરંતુ અન્ય પક્ષો પણ જનતાના રડારમાં છે. લાંભામાં લોકોએ અપક્ષ ઉમેદવારને ભગાડી મૂક્યા હતા, જ્યારે દરિયાપુર અને શાહપુરમાં આમ આદમી પાર્ટીના કાર્યકરોને મતદારોએ અણીયારા સવાલો કર્યા હતા. મતદાર યાદીમાંથી હજારો નામ કમી થઈ ગયા ત્યારે કોઈ મદદ ન મળી હોવાથી નારાજ થયેલા લોકોએ 'આપ'ના નેતાઓને ખખડાવ્યા હતા. બોડકદેવ, અસારવા અને ઘાટલોડિયા જેવા વિસ્તારોમાં પણ સ્થાનિક પ્રશ્નોને લઈને વિરોધની જ્વાળા યથાવત છે. અનેક સોસાયટીઓ અને ફ્લેટ્સમાં રાજકીય પક્ષોના પ્રવેશ પર પ્રતિબંધના બેનરો લાગી ગયા છે, જેના કારણે ઉમેદવારો માટે હવે મતદારોનો સામનો કરવો લોઢાના ચણા ચાવવા સમાન બની ગયો છે.

### પહેલગામ આતંકી હુમલાની પ્રથમ વરસી

# CM ઓમર અબ્દુલ્લા થયા ભાવુક, કહ્યું આતંકવાદનો અંત હવે નજીક

## મુખ્યમંત્રીએ પાકિસ્તાનનો ઉલ્લેખ કરતા ચેતવણી આપી હતી કે, 'જો પાકિસ્તાન ઈચ્છે તો પણ અમે હવે આવા હુમલા થવા દઈશું નહીં

જમ્મુ, તા.૨૨

પહેલગામમાં થયેલા દર્દનાક આતંકી હુમલાને આજે એક વર્ષ પૂર્ણ થયું છે. જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ પીડિત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આજનો દિવસ આપણા સૌ માટે ઘણો દુઃખદ છે. તેમણે નિર્દોષ પ્રવાસીઓને યાદ કર્યા જેઓ રજાઓ માણવા આવ્યા હતા અને આતંકીઓની ગોળીઓનો શિકાર બન્યા હતા. મુખ્યમંત્રીએ પાકિસ્તાનનો ઉલ્લેખ કરતા સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી કે, 'જો પાકિસ્તાન ઈચ્છે તો પણ અમે હવે આવા હુમલા થવા દઈશું નહીં. અમારી પૂરેપૂરો પ્રયાસ રહેશે કે ભવિષ્યમાં આવી ઘટનાઓ ફરી ક્યારેય ન બને. અમે રાજ્યમાં શાંતિ જાળવી રાખવા માટે કટિબદ્ધ છીએ.'

જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ સ્વીકાર્યું કે, ગયા વર્ષના હુમલાની પ્રવાસન પર થોડી અસર પડી છે, પરંતુ હવે સ્થિતિ સુધરી રહી છે. તેમણે આશા વ્યકત કરી હતી કે આગામી સીઝનમાં અમરનાથ યાત્રા, માતા વૈષ્ણોદેવીના દર્શન અને પ્રવાસન માટે મોટી સંખ્યામાં લોકો જમ્મુ-કાશ્મીર આવશે.

વૈશ્વિક પરિસ્થિતિ પર બોલતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ઈરાન પર જે હુમલો થયો તે ખોટો હતો અને હવે આ યુદ્ધનો અંત આવવો જોઈએ. આ જંગને કારણે તેલના ભાવ વધી રહ્યા છે અને સપ્લાય ખોરવાઈ રહ્યો છે, જેની અસર દરેક દેશ પર પડી રહી છે. જોકે, તેમણે સંતોષ વ્યક્ત કર્યો હતો કે પડોશી દેશોની સરખામણીએ ભારતમાં સ્થિતિ ઘણી સારી અને નિયંત્રણમાં છે.

# ભાજપ નેતાને નદીએ લઈ જઈ ગ્રામજનોએ અરીસો બતાવ્યો

## પહેલા પુલ બનાવો...' સ્થાનિકોએ પુલ બનાવવા માટે આક્રમક રીતે રજૂઆત કરતાં ભાજપ નેતા ક્ષોભજનક સ્થિતિમાં મૂકાયા હતા

છોટાઉદેપુર,તા.૨૨

ગુજરાત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. આ દરમિયાન છોટાઉદેપુરના ઝીંઝરવાની ગામે ચૂંટણી પ્રચારમાં ગયેલા ભાજપ નેતાને નદીએ લઈ જઈને કહ્યું કે, 'પહેલા પુલ બનાવો...' સ્થાનિકોએ પુલ બનાવવા માટે આક્રમક રીતે રજૂઆત કરતાં ભાજપ નેતા ક્ષોભજનક સ્થિતિમાં મૂકાયા હતા.રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી આગામી ૨૬ એપ્રિલના રોજ છે. વિકાસની ગુલબાંગો વચ્ચે છોટાઉદેપુરના ઝીંઝરવાની ગામે ચૂંટણીના પ્રચારમાં પહોંચેલા ભાજપ નેતા સંગ્રામસિંહ રાઠવાને બોરવાડા ફળિયાના લોકોએ નદી ઉપર પુલ બનાવવાની માગ સાથે ઉગ્ર રજૂઆત કરી હતી. તમને જણાવી દઈએ કે, છોટાઉદેપુરના ઝીંઝરવાની ગામના બોરવાડા ફળિયામાં ૧૧૦૦ જેટલાં લોકો રહે છે, સ્થાનિકોની જમીનો નદીના સામેના કિનારે આવેલી છે. આમ, પુલના અભાવે ખેડૂતોને ખેતી કરવા માટે જીવના જોખમે નદીમાંથી પસાર થવું પડે છે. તેમજ ઝોઝ અને છોટાઉદેપુર જવા માટે તેઓને ૧૫ કિલોમીટર વધારાના કાપવા પડે છે. જેમાં ખેડૂતોની ખેત પેદાશો લાવવા માટે ૧૫ કિલોમીટરનો ફેરો ખાઈને ખેત પેદાશો લાવવી પડે છે. આવી સ્થિતિમાં સ્થાનિકો અને સરપંચે વારંવાર પુલ બનાવવા માટે રજૂઆત કરવા છતાં છોટાઉદેપુરના ધારાસભ્ય, સાંસદ અને જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રજાના પ્રશ્નોને ધ્યાને લીધા ન હતા. જ્યારે માજી રાજ્યસભાના સાંસદના પુત્ર ભાજપમાં જોડાયા બાદ આ ગામમાં ચૂંટણીના પ્રચાર માટે પહોંચ્યા હતા, ત્યારે ગ્રામજનોએ પુલ બનાવવા મામલે સંગ્રામસિંહ રાઠવા સામે રોષ વ્યક્ત કર્યો હતો. વિકાસની ગુલબાંગો પોકારતા નેતાને રજૂઆતો કરતાં તેમની પાસે કોઈ જવાબ ન હતો. આમ, ચૂંટણી પ્રચારમાં પહોંચેલા સંગ્રામ રાઠવા પર સ્થાનિકોએ ગુસ્સો વ્યક્ત કર્યો હતો.

### તપાસમાં ચોંકાવનારો ઘટસ્ફોટ પછી હોબાળો

# વૈષ્ણોદેવી મંદિરમાં ચઢાવાતું ૯૫ ટકા ચાંદી નકલી

## ટંકશાળમાં જ્યારે એક સેમ્પલ બેચ તરીકે ૭૦ કિલો સામગ્રીની તપાસ કરવામાં આવી, ત્યારે તેમાંથી માત્ર ૩ કિલો અસલી નીકળી

જમ્મુ, તા.૨૨

હજારો શ્રદ્ધાળુઓની આસ્થાના કેન્દ્ર સમાન માતા વૈષ્ણોદેવી મંદિરમાંથી એક ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો છે. માતાજીને ચઢાવવામાં આવતી ચાંદીની વસ્તુઓમાં મોટા પાયે મિલાવટ હોવાનું બહાર આવ્યું છે. તપાસમાં જાણવા મળ્યું છે કે, શ્રદ્ધાળુઓ જે વસ્તુઓને શુદ્ધ ચાંદી સમજીને ચઢાવે છે, તેમાં માત્ર ૫-૬% જ શુદ્ધ ચાંદી છે. આ ખુલાસાએ માત્ર ભક્તોની આસ્થાને જ ઠેસ નથી પહોંચાડી, પરંતુ તેમના સ્વાસ્થ્ય માટે પણ ગંભીર ખતરો ઊભો કર્યો છે.આ કૌભાંડની ગંભીરતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે, હાલમાં શ્રી માતા વૈષ્ણો દેવી શ્રાઈન બોર્ડે ચઢાવામાં મળેલી આશરે ૨૦ ટન ધાતુને શુદ્ધિકરણ અને મૂલ્યાંકન માટે દિલ્હીની સરકારી ટંકશાળમાં મોકલી હતી. બોર્ડને આશા હતી કે, આ ધાતુઓમાંથી અંદાજે રૂ. ૫૦૦ થી રૂ. ૫૫૦ કરોડ મૂલ્યની શુદ્ધ ચાંદી મળશે. જો કે ટંકશાળમાં થયેલી તપાસ અને શુદ્ધિકરણ બાદ, આ આંકડો ઘટીને માત્ર રૂ. ૩૦ કરોડ આસપાસ જ રહી જતા ટ્રસ્ટ પણ ચોંકી ઉઠ્યું હતું.

ટંકશાળમાં જ્યારે એક સેમ્પલ બેચ તરીકે ૭૦ કિલો સામગ્રીની તપાસ કરવામાં આવી, ત્યારે તેમાંથી માત્ર ૩ કિલો જ અસલી ચાંદી નીકળી. બાકીની ૯૫% થી વધુ ધાતુ સસ્તી અને મિલાવટી હતી. ચાંદી જેવી જ દેખાતી સસ્તી ધાતુઓ જેવી કે કેડમિયમ અને લોખંડનો મોટા પાયે ઉપયોગ કરવામાં આવ્યો હતો. સામાન્ય શ્રદ્ધાળુઓ માટે નરી આંખે આ મિલાવટ ઓળખવી અશક્ય છે.આ મિલાવટ માત્ર આર્થિક છેતરપિંડી નથી, પણ સ્વાસ્થ્ય માટે પણ અત્યંત જોખમી છે. કેડમિયમ એક અત્યંત ઝેરી ધાતુ છે. આ મિલાવટી ધાતુને અલગ કરવા માટે જ્યારે તેને પિગાળવામાં આવે છે, ત્યારે તેમાંથી કેડમિયમનો ધુમાડો નીકળે છે. આ ધુમાડો શ્વાસમાં જવાથી ફેફસાં અને કિડની પર ખૂબ જ ખરાબ અસર પડે છે. લાંબા ગાળે આનાથી કેન્સર થવાનું જોખમ પણ વધી જાય છે. આ જ કારણે અનેક ગ્રાહક ઉત્પાદનોમાં કેડમિયમના ઉપયોગ પર પ્રતિબંધ છે.ભક્તો માતાજી પ્રત્યેની અપાર શ્રદ્ધાને કારણે છત્ર, છડા (પાયલ), સિક્કા કે અન્ય ચાંદીની વસ્તુઓ ખરીદીને ચઢાવે છે. પરંતુ ચાંદી વેચનારા વેપારીઓ આમાં ભારે મિલાવટ કરીને તેમની આસ્થા અને પૈસા બંને સાથે ચેડા કરી રહ્યા છે. આ મામલો ધાર્મિક સ્થળો પર થતી અનિયમિતતાઓ અને આર્થિક કૌભાંડો તરફ આંગળી ચીંધે છે. હવે જરૂરી છે કે આ અંગે કડક તપાસ થાય અને દોષિત વેપારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે, જેથી શ્રદ્ધાળુઓનો વિશ્વાસ કાયમ રહી શકે.

### ઉમેદવારે આક્ષેપો ફગાવ્યા

# મતદારોને પૈસાનું પ્રલોભન આપવા મામલે AAPના કાર્યકરો વિરુદ્ધ ફરિયાદ

## આ બાબતે ખરેખર રકમ ક્યાંથી આવી, કોને આપી, કયા હેતું માટે આવી તેની તપાસ ચાલુ છે

પંચમહાલ,તા.૨૨

પંચમહાલ જિલ્લાના ગોધરામાં આગામી ચૂંટણી પૂર્વે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG)એ એક મોટી કાર્યવાહી કરતા ગેરકાયદે હવાલા નેટવર્કને ઉજાગર કર્યું છે. વિશ્વસનીય સૂત્રોના આધારે SOGએ શહેરના વિવિધ સ્થળોએ દરોડા પાડી લાખો રૂપિયાની નાણાકીય હેરાફેરીનો ભાંડો ફોડ્યો છે. પોલીસને શંકા છે કે મતદારોને લાલચ અને પ્રલોભન આપવા માટે આંગડિયા અને હવાલા મારફતે મોટા પાયે રોકડ રકમ પહોંચાડવાનું નેટવર્ક કાર્યરત હતું, જેમાં આંગડિયા પેઢીના સીસીટીવી ફૂટેજમાં પણ શંકાસ્પદ ગતિવિધિઓ કેદ થઈ છે. મહત્વનું છે કે આ પહેલા સુરતમાંથી પણ આ જ પ્રકારનું રેકેટ પકડાયું હતું જેમાં પણ આપ નેતાઓની સંડોવણી હોવાના દાવા થયા હતા.આ કેસમાં આમ આદમી પાર્ટી (AAP)ના સંગઠનના સક્રિય કાર્યકર્તા અને ગોધરા નગરપાલિકાના વોર્ડ નં. ૧૧ ના ઉમેદવાર અજય સોમાલાલ વસંતાણી તેમજ રમણભાઈ ગુલાબભાઈ બારીયા અને દર્શિત કૃષ્ણકાંત સોનીના નામો સામે આવ્યા છે. પ્રાથમિક વિગતો મુજબ, આ શખ્સોએ પોતાના મળતિયાઓ દ્વારા છેલ્લા પંદરેક દિવસમાં પી.એમ. આંગડિયા અને વી. પટેલ આંગડિયા મારફતે અંદાજે ૫૦ લાખ રૂપિયાથી વધુની રકમની હેરાફેરી કરી છે. આ સંગઠિત નેટવર્કના તાર ગુજરાતના અન્ય જિલ્લાઓ સાથે પણ જોડાયેલા હોવાનું તપાસમાં ખુલ્યું છે.Dysp ગોધરાના જણાવ્યા મુજબ 'ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય તે માટે ગીતશીલ હતા, દરમિયાન SOGને બાતમી મળી હતી કે કેટલાક ઈસમો આંગડિયા પેઢી મારફતે મોટી રકમની હેરાફેરી કરે છે. જે આધારે SOG વર્ક આઉટ કરી તપાસ કરી હતી, જેમાં ત્રણ ઈસમો જેમાં અજય વસંતાણી વોર્ડ નંબર ૧૧માં AAP પક્ષના ઉમેદવાર છે, તેમજ અન્ય બે કાર્યકરો રમણભાઈ બારીયા,દર્શિત સોનીના લાખ તપાસમાં સામે આવ્યા હતા. અંદાજે અત્યાર સુધીમાં ૫૦ લાખની લેતી દેતી કરી હોવાનું જણાઈ આવે છે. આ બાબતે ખરેખર રકમ ક્યાંથી આવી, કોને આપી, કયા હેતું માટે આવી તેની તપાસ ચાલુ છે.'આ સાથે પોલીસે કહ્યું છે કે ફંડનો ઉપયોગ ચૂંટણીમાં થયો કે નહીં તે અંગેની તપાસ પણ શરૂ કરી દેવામાં આવી છે. આંગણિયા પેઢી સંડોવાયેલી છે કે નહીં તે દિશામાં પણ પોલીસે તપાસ શરૂ કરી છે. બીજી તરફ લોકમુખે એ પણ ચર્ચાઈ રહ્યું છે કે ભાજપ અને કોંગ્રેસ પાર્ટીના ઉમેવારો પણ કથિત રીતે ચૂંટણીમાં મોટા પ્રમાણમાં પૈસા ખર્ચી રહ્યા છે. તેમના પર પણ વોચ ગોઠવી કાર્યવાહી કરવામાં આવે જેથી એક તરફી એક્શન ટાળી શકાય.

સમગ્ર મામલે પોલીસે ગોધરા એ-ડિવિઝન પોલીસ મથકે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે. બીજી તરફ, પોતાની સામે થયેલા આક્ષેપો અંગે પ્રતિક્રિયા આપતા 'આપ' ઉમેદવાર અજય વસંતાણીએ આ તમામ આરોપોને પાયાવિહોણા અને રાજકારણ રીતે પ્રેરિત ગણાવ્યા છે. તેમણે દાવો કર્યો હતો કે ચૂંટણી સમયે તેમની છબી ખરડવા માટે આ પ્રકારના ખોટા આક્ષેપો કરવામાં આવી રહ્યા છે અને આ ઘટનામાં કોઈ સત્યતા નથી. હાલ પોલીસ આ આર્થિક વ્યવહારોના મૂળ સુધી પહોંચવા વધુ તપાસ ચલાવી રહી છે.

# અમરપુર (વરૂડી) અને નવા ખીજડીયામાં ભાજપનાં ઉમેદવારોને પ્રચંડ સમર્થન









અમરેલી જિલ્લા પંચાયતની મોટા આંકડીયા બેઠકનાં ભાજપનાં ઉમેદવાર ડેનીભાઈ પરમાર અને અમરેલી તાલુકા પંચાયતનાં ભાજપની બેઠકના ઉમેદવાર ગીતાબેન માંડણકાને અમરપુર (વરૂડી) અને નવા ખીજડીયા ખાતે પ્રચંડ જનસમર્થન મળેલ. આ તકે ભાજપના અગ્રણી અશ્વિનભાઈ સાવલીયા, શૈલેષ પરમાર સહિત ભાજપનાં બંને ઉમેદવારોને વિજયી બનાવવા હાંકલ કરી હતી. જેમાં મોટી સંખ્યામાં આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## અમરેલી : ગર્ભવતી મહિલાનો પરિવાર સાથે મિલન કરાવતી ૧૮૧ મહિલા હેલ્પલાઈનની ટીમ

અમરેલી, તા. ૨૨

એક જાગૃત નાગરિકે ગર્ભવતી મહિલાની મદદ માટે ૧૮૧ મહિલા હેલ્પલાઈન પર ફોન કરેલ. જેના પગલે ૧૮૧ અભ્યમ મહિલા હેલ્પ લાઈનના કાઉન્સિલર પૂનમ ભૂવા અને મહિલા કોન્સ્ટેબલ મીરાબેન દેવમુરારી તથા પાઈલોટ હાર્દિકભાઈ ઘટના સ્થળ પર પહોંચ્યા જયાં હાજર રહેલ જાગૃત નાગરિકે મહિલાને સુરક્ષિત જગ્યાએ બેસાડી રાખેલ હતા. ત્યારબાદ ૧૮૧ મહિલા હેલ્પ લાઈનની ટીમે મહિલા સાથે વાતચીત કરતા મહિલાએ જણાવેલું કે તેઓ રાજસ્થાનના વતની છે અને અહીં તે તેના પતિ સાથે રહેતા અને મજૂરી કામ કરતા હતા અને તેના પતિને અન્ય મહિલા સાથે સબંધ હતા. જેથી ૬ મહિના પહેલા તેના પતિએ તે અન્ય મહિલાને લઈને જતા રહ્યા છે. ત્યારબાદ બહેને જણાવેલું કે અહીંયા તેના કોઈ બીજા સબંધી પણ રહેતા નથી અને તેને એક ત્રણ વર્ષનું નાનું બાળક છે અને હાલ પીડિત મહિલા ૬ મહિનાથી ગર્ભવતી પણ છે.

વધુમાં પીડિત મહિલાએ જણાવેલું કે તેમણે લવ મેરેજ કર્યા છે તેથી તેનાં માતા–પિતા સાથે તેને કોઈ સંબધ નથી તેમજ તેમના પરિવારને કે તેના પતિના કોઈના સંપર્ક નંબર પણ નથી. જેના પગલે પીડિત મહિલાને ૧૮૧ હેલ્પલાઈનની ટીમે મહિલાએ તેમનુ જે સરનામું જણાવ્યું હતુ ત્યાંના સ્થાનિક પોલીસ સ્ટેશનની મદદથી મહિલાના પરિવારનો સંપર્ક કર્યો અને મહિલાના ભાઈ સાથે વાતચીત કરી અને તેમને મહિલાને લઈ જવા અંગે કાઉન્સિલિંગ કરેલ. જેથી મહિલાનો ભાઈ તેને લેવાં આવવા સહમત થયો. જેથી જયાં સુધી પીડિત મહિલાનો ભાઈ ન આવે ત્યાં સુધી મહિલાને આશ્રયની જરૂર હોવાથી હાલ મહિલાને સુરક્ષિત સખી વન સ્ટોપ સેન્ટરમા રાખવામાં આવેલ છે.

આમ સમગ્ર બનાવવાની ગંભીરતાને ધ્યાને લઈ કુનેહપૂર્ણ રીતે પરિસ્થિતિને સંભાળી એક નિરાધાર મહિલાને તેના પરિવાર સાથે મિલન કરાવેલ તેમજ નિરાધાર મહિલાને આશરો અપાવી મહિલા સેવા ક્ષેત્ર ૧૮૧ મહિલા હેલ્પલાઈનની ટીમે ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડયું હતું.




સૌરાષ્ટ્ર ગુજરાતનું નામાંકિત ગર્લ્સ સંકુલ
ડેઈલી ટેસ્ટ – રીપીટેડલી ટ્રાઈમંથલી Exam
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી. -Ad017

## રાજયની ટોચની સહકારી સંસ્થા ખેડૂતોની મદદે

## અરે વાહ : ગુજકોમાસોલ દ્વારા ખેડૂતોને કુદરતી ખાતરો સહિતનાં ઉત્પાદનો પુરા પડાશે

### કુદરતી ખનીજ તત્વોમાંથી બનેલ ખાતરથી ખેડૂતોને થશે ફાયદો

અમરેલી, તા. ૨૨

જોર્ડનની અગ્રણી અને વિખ્યાત કંપની મનસિર નેચરલ ગ્રીન (એમ.એન.જી.) પોતાના દેશમાં મળતાં કુદરતી ખનીજ તત્વોમાંથી વિવિધ કુદરતી ખાતરો સહિતના ખેતી ઘટકોનું ઉત્પાદન કરી રહી છે. અગાઉ તા. ૩/૪/૨૦૨૫, ગાંધીનગર ટાઉન હોલ ખાતે ગુજકોમાસોલ દ્વારા આયોજીત ખેડૂત સેમિનાર–સંમેલનમાં સદર કંપની દ્વારા ઉત્પાદિત આ ખેતી ઉપયોગી ખાતરો સહિતના ઘટકોનું વિસ્તૃત માર્ગદર્શન ગુજરાત ભરના ખેડૂતોને આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં કંપનીના ઉરચ અધિકારીઓ, વૈજ્ઞાનિકો, કૃષિ યુનિવર્સિટીના તજજ્ઞો, રાજય સરકારના ઉરચ અધિકારીઓ તથા મોટી સંખ્યામાં ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો. આ કાર્યક્રમમાં આ બધી પ્રોડકટો માટે ખૂબ જ ઉત્સાહ જોવા મળ્યો હતો. ખેડૂતોના ઉત્સાહને ધ્યાનમાં રાખતાં રાજયનાં ખેડૂતો અને જમીનને માફક આવે છે કે કેમ ? ખેડૂતોને તે ખરેખર ઉપયોગી થશે કે કેમ ? તે માટે તેની ટેકનીકલ અધિકૃતતા ચકાસવા માટે એગ્રીકલ્ચર યુનિવર્સિટી જ એક એવું માધ્યમ છે, જે આ પ્રોડકટોના વૈજ્ઞાનિક પ્રયોગો કરીને જણાવી શકે કે આ ખેડૂતોને આપવા લાયક છે કે કેમ ? તે માટે આ કંપનીના ઉત્પાદનોના આણંદ એગ્રી યુનિવર્સિટીમાં ટ્રાયલો લેવામાં આવ્યા હતા. આ ટ્રાયલમાં આ ખાતરો સારા પરિણામો આપશે તે મુજબનો પોઝીટીવ રિપોર્ટ આણંદ એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ છે.

ખેડૂતોનો ઉત્સાહ, કૃષિ તજજ્ઞો, કૃષિ અધિકારીઓનો અભિપ્રાય અને આણંદ એગ્રીકલ્ચરલ યુનિવર્સિટીમાંથી મળેલ ટ્રાયલ રિપોર્ટને પ્રયાનમાં લઈ આ કંપનીના વિવિધ ખેતીલક્ષી કુદરતી ખાતરો સહિતની પ્રોડકટો સમગ્ર રાજયમાં ખેડૂતોને વ્યાજબી ભાવે ઉપલબ્ધ થાય અને કેમીકલ મુકત હોવાથી જમીન અને પર્યાવરણનું રક્ષણ, જમીનની ઉત્પાદકતા વધારો થાય તેવા ઉમદા હેતુથી કૃષિ વૈજ્ઞાનિકો, કૃષિ તજજ્ઞોની હાજરીમાં ગુજરાતના ખેડૂતો સમક્ષ આ વિવિધ ખેતીલક્ષી કુદરતી પ્રોડકટો ગુજકોમાસોલ સંયોજીત સંસ્થાઓ મારફત બજારમાં મુકવા આજરોજનું આયોજન કરવામાં આવેલ છે, જેથી તેનો બહોળો પ્રસાર–પ્રચાર થાય તો રાજય ભરના ખેડૂતો આ ખેતીલક્ષી વિવિધ કુદરતી પ્રોડકટોનો ઉપયોગ કરી જમીનની ઉત્પાદકતા વધારી મબલખ ખેત ઉત્પાદન વધારી શકે. સાથે સાથે પર્યાવરણનું પણ રક્ષણ થાય.

ઉપરોકત કાર્યક્રમમાં ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ઈફકો, ન્યુ દિલ્હી તથા ગુજકોમાસોલના ચેરમેન દિલીપ સંઘાણી, ગુજકોમાસોલના વાઈસ ચેરમેન બિપીનભાઈ પટેલ (ગોતા) તથા લખનેથી પધારેલ પદ્મશ્રીથી સન્માનિત ખેડૂત રામશરણ શર્મા, ઈફકોના મેનેજીંગ ડાયરેકટર કે.જે. પટેલ, ઈફકોના માર્કેટીંગ ડાયરેકટર યોગેન્દ્ર કુમાર, કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો, એમ.એન.જી. જોર્ડન કંપનીના ઉરચ અધિકારીઓ ઉપસ્થિત રહી ખેડૂતોને માર્ગદર્શન પુરૂં પાડેલ.

## જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં અમરેલી તાલુકાનાં મોજે અમરેલી ગામે ચિત્તલ રોડ રસ્તે આવેલ રે.સ.નં.૩૧ તથા ૩ર, સી.સ.નં. ૨૬૨૮/૭/૧ થી નોંધાયેલ જમીનમાં આવેલ "વેસ્ટર્નપાર્ક" નામના વિસ્તારમાં આવેલ સબ પ્લોટ નં. ૭/૧ ની કુલ જમીન ચો.મી. ૧૧૯–૫૪ વાળી મિલ્કત હાલના માલીક મંજુલાબેન કાળુભાઈ મકવાણાના સ્વતંત્ર નામે ચાલે છે અને તેઓ સદરહુ મિલ્કત ઉપર એસ.બી.આઈ. અમરેલીમાંથી લોન/ધિરાણ/મોર્ગેજ કરવા માંગતા હોય, અમારા પાસે ટાઈટલ કલીયર સર્ટીફીકેટ મેળવવા માંગતા હોય, તેઓએ અમારી સમક્ષ ઉત્તરોત્તરના લેખો તેમજ તેની નકલો રજુ કરેલ છે. પરંતુ સદરહું મિલ્કતના ટાઈટલ ડીડઝ તપાસતા નીચે મુજબના દસ્તાવેજી લેખોમાં જયસુખલાલ ભગવાનજી પોપટ, પ્રવિણકુમાર ભગવાનજી પોપટ, દિનેશકુમાર ભગવાનજી પોપટ, બિપીનચંદ્ર ભગવાનજી પોપટ, સુરેશચંદ્ર નાગજીભાઈ પોપટ, શ્રીમતી પ્રભાવતી લક્ષ્મીદાસ સાદરાણી, શ્રીમતી મીતા મુકેશકુમાર સાદરાણીએ ભાગીદારી પેઢીમાં સદરહું મિલ્કત ખરીદ કરેલ છે ત્યારબાદ તા. ૩૦/૦૩/૧૯૮૮નાં રોજ ભાગીદારી છુટી કરવા અંગેનો અનરજીસ્ટર્ડ લેખ રજુ થયેલ છે તેમજ સદરહુ મિલ્કતની વહેચણીથી ભાગીદારી છુટીનો લેખ કરવામાં આવેલ છે જેની રૂઈએ સદરહુ મિલ્કત પ્રવિણકુમાર ભગવાનજીભાઈ પોપટના માલીકી હકકે આવેલ છે તેવી રજુઆત હાલના માલીક મંજુલાબેન કાળુભાઈ મકવાણા તરફથી અમારા સમક્ષ કરવામાં આવેલ છે.

સબબ ઉપરોકત લેખ તેમજ ભાગીદારી છુટી વહેચણી લેખ સબંધે કે સદર મિલ્કત અન્વયે કે સદર મિલ્કતના કોઈપણ ભાગ અન્વયે કોઈપણ બેંક, સંસ્થા, પેઢી કે વ્યકિત તેમજ ભાગીદારનો કે કોઈપણનો કોઈપણ જાતનો હક્ક, હિત, હિસ્સો, ગીરો, કબ્જો, બક્ષીસ હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ–૩માં અમો નીચે સહી કરનાર પાસે લેખીત આધાર પુરાવા સાથે રજુ કરશો. જો સમય મર્યાદામાં કોઈના તરફથી કોઈ વાંધા તકરાર આવશે નહી તો સદરહું મિલ્કત પરત્વે કોઈને વાંધા તકરાર છે નહિ અને હોય તો તે સ્વૈચ્છાએ જતા (WAVE) કરેલ છે. તેમ માની અમો સદરહું મિલ્કતનું વિશેષ અભિપ્રાય સાથે ટાઈટલ કલીયર સર્ટીફીકેટ એસ.બી.આઈ બેંક અમરેલી તરફે આપવામાં આવશે. ત્યારબાદ કોઈના કોઈપણ જાતના વાંધા, તકરાર એસ.બી.આઈ. બેંક અમરેલી ને બંધનકર્તા રહેશે નહી જેની નોંધ લેશો.

દેવેન્દ્રકુમાર સી. ખંભોળીયા
– એડવોકેટ
ફોરવર્ડ શોપીંગ સેન્ટર, દુકાન નં. ૧૩, સિવીલ હોસ્પિટલ રોડ,
અમરેલી. મોબાઈલ – ૯૮૨૫૫ ૨૭૧૦૧

## જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર એડવોકેટ એમ.જે. વ્યાસ બગસરા તે લાગતા વળગતા તથા જાહેર જનતા જોગ આ જાહેર નોટીસથી જાણ કરી જણાવીએ છીએ કે અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના શીલાણા ગામની જુની શરતની ખેડવા લાયક ખેતીની જમીન **(૧) કૌશિકભાઈ સવજીભાઈ વઘાસીયા, (૨) પ્રતાપભાઈ સવજીભાઈ વઘાસીયા**, ની **ખાતા નં. ૪૭૭ સર્વે નં. ૩૨/૩ પૈકી ૧ હે. ૧–૫૭–૮૩ થી** સ્વતંત્ર કબ્જા ભોગવટાની અને માલીકીની આવેલી છે જે ખેતીની જમીન અમારા અસીલ તેમની પાસેથી ખરીદ કરવા માંગે છે, સબબ આથી આ જાહેર નોટીસ થી લાગતા વળગતા તેમજ હિત ધરાવતા તમામ તથા જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ થકી જાણ કરવાની કે સદરહું ખેતીની જમીન સબંધે કોઈ વ્યકિત, સંસ્થા, પેઢી કે કોઈપણ વિગતે હકક, અધિકાર, રાઈટસ, માલીકી હોય કે આ મિલ્કત ઉપર અન્ય કોઈપણ વ્યકિત, સંસ્થા કે બેંકનું કરજ, બોજો, લેણું, ધિરાણ, લોન કે ભરણ પોષણ, વારસાઈ, ભાગીદારી, ભાઈઓભાગ, કબ્જા, હલાણનો રસ્તો, ગાડા મારગનો હકક કે કોઈ સોદાખત, મુખત્યારનામુ, કે કોઈપણ પ્રકારના અગ્રહકક કે લખાણો હોય કે કબ્જા હકક હોઈ તો તે સંબંધે તેમના લેખીત આધાર પુરાવા સાથે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ (સાત)માં નીચે જણાવેલ સરનામે જાણ કરવી અન્યથા મુદત વિતેથી સદરહું મિલ્કત પરત્વે કોઈનો કોઈપણ જાતનો વાંધો, તકરાર, હકક, હિસ્સો કે લાગભાગ નથી અને હોય તો પણ તે જતો (WAIVE) કરેલ છે તેમ માની લઈ ઉપર દર્શાવેલ મિલ્કતના માલીકો ધોરણસરનો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ જમીન એકઝીકયુટ કરાવી લેશે અને વિધીવત રીતે જમીનનો કબ્જો મેળવી લેશે અને ત્યારબાદ કોઈપણના વાંધા, તકરાર, અમારા અસીલ કે તેમણે ખરીદ કરેલ મિલ્કતને કોઈપણ વિગતે બંધનકર્તા રહેશે નહી. તેની લાગતા વળગતા તથા જાહેર જનતાએ નોંધ લેવી.

તારીખ: ૨૨–૦૪–૨૦૨૬
સ્થળ : હોસ્પિટલ રોડ–બગસરા

અસીલની સુચના અને ફરમાઈશથી
**એમ.જે. વ્યાસ એડવોકેટ**
મો. ૯૪૨૮૭ ૯૪૯૪૧

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૧૦૫૦ | ૧૫૦૦ |
| ૨ | શિંગદાણા | ૧૮૫૦ | ૧૮૫૦ |
| ૩ | શિંગદાણા ફાડા | ૧૪૫૦ | ૧૯૧૦ |
| ૪ | તલ સફેદ | ૧૭૧૦ | ૨૩૭૦ |
| ૫ | તલ કાળા | ૨૬૪૦ | ૩૭૭૫ |
| ૬ | બાજરો | ૫૨૦ | ૫૨૫ |
| ૭ | જુવાર | ૪૪૦ | ૯૦૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૩૮૦ | ૫૯૫ |
| ૯ | ઘઉં લોકવન | ૩૭૫ | ૪૯૫ |
| ૧૦ | મકાઈ | ૨૦૦ | ૩૮૦ |
| ૧૧ | ચણા | ૮૬૦ | ૧૦૫૫ |
| ૧૨ | ચણા દેશી | ૯૫૦ | ૧૦૦૦ |
| ૧૩ | સફેદ ચણા | ૯૪૦ | ૧૧૩૫ |
| ૧૪ | છોલે ચણા | ૧૨૦૦ | ૧૪૯૦ |
| ૧૫ | તુવેર | ૯૦૦ | ૧૪૮૦ |
| ૧૬ | કપાસ | ૧૦૨૫ | ૧૮૮૫ |
| ૧૭ | એરંડા | ૧૦૭૦ | ૧૨૩૦ |
| ૧૮ | જીરૂ | ૩૨૦૦ | ૪૦૯૫ |
| ૧૯ | રાય | ૧૧૦૦ | ૧૩૯૦ |
| ૨૦ | ધાણા | ૨૪૫૦ | ૨૮૪૫ |
| ૨૧ | ધાણી | ૨૧૦૦ | ૨૭૬૫ |
| ૨૨ | અજમા | ૧૬૯૦ | ૨૪૫૦ |
| ૨૩ | મેથી | ૧૦૩૦ | ૧૨૪૦ |
| ૨૪ | સોયાબીન | ૯૫૦ | ૧૦૭૦ |
| ૨૫ | મરચા લાંબા | ૨૩૦૦ | ૪૪૭૦ |
| ૨૬ | વરીયાળી | ૧૪૧૦ | ૧૮૦૦ |
| ૨૭ | કાંગ | ૫૩૦ | ૫૩૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૦૦ | ૧૪૨૦ |
| ૨ | શીંગ મોટી | ૧૪૫૧ | ૧૪૯૦ |
| ૩ | શીંગ નવી | ૧૫૧૯ | ૧૬૦૦ |
| ૪ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૨૭૦ |
| ૫ | તલ કાળા | ૨૭૦૦ | ૩૪૩૬ |
| ૬ | જીરૂ | ૩૨૦૦ | ૩૯૦૦ |
| ૭ | કપાસ | ૧૫૦૦ | ૧૮૫૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૨૧ | ૪૯૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૧૦ |
| ૧૦ | બાજરો | ૪૫૦ | ૫૪૦ |
| ૧૧ | જુવાર | ૬૦૦ | ૮૫૦ |
| ૧૨ | ચણા | ૧૦૧૦ | ૧૦૬૫ |
| ૧૩ | દેશી ચણા | ૧૦૩૦ | ૧૦૯૦ |
| ૧૪ | તુવેર | ૧૩૦૦ | ૧૪૫૧ |
| ૧૫ | એરંડી | ૧૧૯૦ | ૧૨૩૫ |
| ૧૬ | મેથી | ૧૨૦૦ | ૧૩૫૨ |
| ૧૭ | રાય/રાયડો | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ૧૮ | ધાણા | ૨૦૦૦ | ૨૫૫૦ |
| ૧૯ | કલોંજી | ૨૯૮૧ | – |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૧૦ | ૧૮૩૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૫૦ | ૧૫૯૦ |
| ૩ | મગફળી | ૧૨૫૫ | ૧૪૬૫ |
| ૪ | જીરૂ | ૩૩૨૫ | ૪૦૯૫ |
| ૫ | ચણા | ૧૦૧૩ | ૧૦૫૭ |
| ૬ | ઘઉં | ૪૭૦ | ૫૩૦ |
| ૭ | તુવેર | ૧૨૦૫ | ૧૪૪૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૨૫ | ૧૧૨૫ |
| ૨ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૧૭૧ |
| ૩ | તલ કાળા | ૨૨૦૦ | ૩૪૨૫ |
| ૪ | કપાસ | ૧૨૦૧ | ૧૭૭૨ |
| ૫ | બાજરો | ૩૦૦ | ૪૦૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૨૨ | ૫૦૮ |
| ૭ | જુવાર | ૪૫૧ | ૯૧૧ |
| ૮ | તુવેર | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ૯ | ચણા | ૮૦૦ | ૧૦૪૦ |
| ૧૦ | જીરૂ | ૩૨૦૦ | ૩૨૦૦ |
| ૧૧ | ધાણા | ૧૯૫૧ | ૧૯૫૧ |
| ૧૨ | મેથી | ૧૦૫૦ | ૧૦૫૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૪૫ |
| ૨ | ઘઉં લોકવન | ૩૩૧ | ૪૪૩ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૧૫ | ૪૨૦ |
| ૪ | ચણા | ૮૦૦ | ૧૦૪૪ |
| ૫ | ધાણા | ૨૦૯૫ | ૨૫૦૫ |
| ૬ | જીરૂ | ૨૦૦૦ | ૩૩૮૦ |
| ૭ | તુવેર | ૯૫૦ | ૧૩૦૫ |
| ૮ | તલ સફેદ | ૧૫૯૫ | ૧૫૯૫ |
| ૯ | મગફળી | ૯૮૦ | ૧૩૫૦ |
| ૧૦ | મેથી | ૯૨૫ | ૧૧૪૧ |
| ૧૧ | સોયાબીન | ૯૨૦ | ૧૦૨૧ |
| ૧૨ | જુવાર | ૫૦૦ | ૬૫૦ |
| ૧૩ | લસણ | ૧૫૦ | ૧૫૦ |
| ૧૪ | અડદ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૧૫ | ચણા છોલે | ૯૫૦ | ૯૫૦ |

# અમરેલી : પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ગૌતમભાઈ ગેડિયાએ જિલ્લામાં સભાઓ ગજવી







સ્થાનિક સ્વરાજયની ચૂંટણી અંતર્ગત ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના ઉપાધ્યક્ષ અને વિદ્વાન વકતા ગૌતમભાઈ ગેડિયાએ અમરેલી જિલ્લાનો પ્રવાસ કર્યો અને ભાજપના ઉમેદવારોના સમર્થનમાં પ્રચાર કર્યો. ગેડિયાએ ગતરોજ કુકાવાવ ખાતે જિલ્લા પંચાયતના ઉમેદવારો કુકાવાવ બેઠકના કમલેશભાઈ ચૌહાણ, દેવગામ બેઠકના ગાયત્રીબેન સંજયભાઈ વાળા, વડીયા બેઠકના પારૂલબેન ચેતનભાઈ દાફડા તેમજ તાલુકા પંચાયતના ઉમેદવારોના સમર્થનમાં સભા ગજવી હતી. બીજી બેઠક બગસરા ખાતે નગરપાલિકાના ઉમેદવારોના સમર્થનમાં જાહેર સભા સંબોધી હતી. બપોર બાદ સાવરકુંડલા ખાતે રામાપીરના મંદિરે મીટીંગ તેમજ સાવર વિસ્તારમાં ગોવિંદરામબાપુના નિવાસસ્થાને કાર્યકરોને માર્ગદર્શન આપ્યું હતું. બપોર બાદ જાફરાબાદના ટીંબી ખાતે પ્રબોધ સંમેલનમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે કરેલી અગણિત કામગીરી તેમજ લોકલક્ષી સેવાઓની જાણકારી આપી હતી. આ પ્રવાસમાં જિલ્લા ભાજપના પ્રભારી અભયસિંહ ચૌહાણ, ધારી બગસરા વિસ્તારના લોકપ્રિય ધારાસભ્યો જેવી કાકડીયા, જિલ્લા ભાજપના ઉપાધ્યક્ષ અને રૂટ ઈન્ચાર્જ મનોજભાઈ મહિડા, રમાબેન હીરપરા, જિલ્લા ભાજપના મહામંત્રી ચેતનભાઈ શિયાળ, મંત્રી પી.વી. વસાણી, પ્રવીણભાઈ સાવજ, જીગ્નેશભાઈ પટેલ, સાગરભાઈ સરવૈયા તેમજ જિલ્લાના વિવિધ મંડળના આગેવાનો ગોપાલભાઈ અંટાળા, વિપુલ વસાણી, રશ્મિનભાઈ ડોડીયા, અનિલભાઈ વેકરીયા, એવી રીબડીયા, રાજુભાઈ ગીડા, ધીરૂભાઈ કોટડીયા, ઘનશ્યામભાઈ સાદરાણી, પ્રદીપભાઈ ભાખર, હિંમતભાઈ દોંગા, પ્રકાશભાઈ કારીયા, કેશુભાઈ વાઘેલા, અરવિંદ મેવાડા, કુલદીપભાઈ વરૂ વગેરે આગેવાનો જોડાયા હતા. ગૌતમભાઈએ પોતાની આગવી શૈલીમાં જિલ્લા પંચાયત તાલુકા પંચાયત તેમજ નગરપાલિકાના ભાજપના ઉમેદવારોને મત આપવા અપીલ કરી હતી.

### ૨૩ એપ્રિલ, વિશ્વ પુસ્તક દિવસ

## રેલી તરફ જતી ભીડ જયારે લાઈબ્રેરી તરફ વળશે ત્યારે સમાજમાં સાચી ક્રાંતિ થશે

અમરેલી, તા. ૨૨

પુસ્તક બે પૂંઠા વચ્ચેના કાગળ ફેરવતાં ફેરવતાં થતો આત્મા સાથેનો વ્યવહાર એટલે પુસ્તક. જ્ઞાનનો ભંડાર એટલે પુસ્તક. પ્રગતિ અને એક અનેરી સમજનો મગજ સાથેનો વ્યવહાર એટલે પુસ્તક. માત્ર એટલો વિચાર કરીએ કે પુસ્તક વિનાની દુનિયા કેવી લાગતી હોત ? કોઈ પણ વાતની કોઈ દિશા, દશા કે પ્રમાણ હોત જ નહીં ! જ્ઞાન મેળવવા માટે હંમેશા પુસ્તકની જરૂર રહી જ છે. બે વર્ષના બાળકથી લઈને ઉંમરલાયક વ્યકિત પણ પોતાના જીવનમાં પુસ્તકોનો ઉપયોગ કરતા જ હોય છે પછી એ પુસ્તક ગમે તે વિષયનું હોય એમાં અતિશયોકિતને સ્થાન નહીં. શાસ્ત્રોની વાત કરીએ તો જો પ્રાચીનકાળમાં પુસ્તકો ન લખાયા હોત તો આજે રામાયણ, મહાભારત, શિવ પુરાણ, ભગવતગીતા, ભાગવદ્ જેવા ગ્રંથોનું દર્શન અને એમાં વસેલા જ્ઞાનને જાણીને તેનો અમલ કરી જ ન શક્યા હોત આથી પણ વિશેષ આપણા પ્રાચીન વેદો થકી આપણે જીવન કઈ રીતે જીવવું એ જાણી ન શક્યા હોત.વર્તમાન સમયમાં દુનિયામાં કેટલાંક સંશોધનો થયા છે કે દરેક ઉગતા દિવસ સાથે લોકો વાંચન ક્ષમતા ઘટતી જાય છે. લોકો આજે વાંચન બહુ ઓછું અથવા જરા પણ પસંદનથી કરતાં. તેનું કારણ કદાચ ઈન્ટરનેટના માધ્યમથી વિવિધ માહિતીઓ માટેના જે ઓડિયો વિઝ્યુઅલ મટિરિયલ મળી રહે છે તે હોય શકે. ડિજિટલ મીડિયા આવવાથી અખબારોના વેંચાણમાં જે ઘટાડો જોવા મળ્યો છે તે આ બાબતનું એક ચોક્કસ ઉદાહરણ થઈ શકે. પરંતુ બીજી બાજુ એ પણ છે કે આખી દુનિયામાં અગણિત સંખ્યામાં લાઈબ્રેરીઓ જોવા મળી રહી છે, સમય સાથે ઘણા નવા પુસ્તકાલય પણ સ્થપાય છે ઉપરાંત એક અંદાજ મુજબ દુનિયામાં દરરોજ ૨૭૦૦થી વધુ નવાં પુસ્તકો પ્રકાશિત થાય છે. જો લોકોની વાંચન ક્ષમતા ઘટી છે તો રોજ રોજ આટલા પુસ્તકો પ્રકાશિત થઈને ક્યાં જાય છે ? કોણ વાંચે છે ? જો લોકોની વાંચન ક્ષમતા એટલી જ ઘટી છે તો રોજ રોજ આટલા પુસ્તકો બહાર પાડવાની શુ જરૂર ? આ આંકડા દર્શાવે છે કે લોકો હજુ પણ વાંચનમાં રસ લઈ રહ્યા છે. દુનિયાના




અગણિત પુસ્તકાલયો, થોકબંધ પુસ્તકો, પ્રસિદ્ધ લેખકો સાથે ઉભરતા લેખકો દ્વારા લખાયેલા વિવિધ પ્રકારના જેવા કે વાર્તા, નવલિકા, નાટક, કવિતા, હાસ્યરસ કે વિવેચનવાળા પુસ્તકો હજુ પણ વિમાં રહેલા પુસ્તક પ્રેમી લોકો દ્વારા વંચાય રહ્યા છે.– **મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨૨૧૯૯૯)**

## લીલીયા-લાઠી લોક દ્રષ્ટિ ચક્ષુબેંકને નાથાભાઈ બુહાનું નેત્રદાન અર્પણ



લીલીયા, તા. ૨૨

લીલીયા મોટાના સ્વ. નાથાભાઈ બુહાનું અવસાન થતા તેમના પરિવારના પુત્રો જીવનભાઈ બુહા, પૌત્ર જગદીશભાઈ બુહા દ્વારા ચક્ષુદાન કરવામાં આવ્યુ. ડોકટર જયંતિભાઈ કુંભાણી, વિજયભાઈ ભાલાળા સહયોગી નિલેશભાઈ વોરા રહ્યા હતા. બંને ચક્ષુઓ ચક્ષુદાન માટે લેવામાં આવ્યા હતા નેત્ર દાતા નાથાભાઈના પરિવારનો આ તકે ખૂબ ખૂબ આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. નેત્રદાતાને લોક દ્રષ્ટિ ચક્ષુબેંકના પ્રમુખ ડો. પ્રફુલ્લભાઈ શિરોયા, ઉપ પ્રમુખ દિનેશભાઈ જોગાણી, રેડ ક્રોસ સોસાયટીના સભ્યો, લોક દ્રષ્ટિ ચક્ષુબેંકના ટ્રસ્ટીઓએ શ્રદ્ધાંજલિ પાઠવી નેત્ર દાતાને વંદન કરેલ. નેત્ર દાતા સ્વ. નાથાભાઈ બુહાના નેત્રદાનથી નેત્રો અમર બનશે. બોંતેર કલાક બાદ બે વ્યકિતઓના જીવનમાં ઉજાસ પાથરશે. કાળી કીકીના કારણે અંધત્વ ભોગવતા બે વ્યકિતઓ ફરી દ્રષ્ટિવાન બનશે અને જયારે જયારે તેમની આંખ ખોલશે ત્યારે સ્વ. નેત્ર દાતા નાથાભાઈ બુહાને યાદ કરશે. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## સામાજિક ન્યાયના પ્રખર લડવૈયા કાંતિલાલ પરમાર

અમરેલી, તા. ૨૨

અમદાવાદ સ્થિત કાંતિલાલ પરમાર ગુજરાતના એક એવા અગ્રણી માનવ અધિકાર કાર્યકર છે, જેઓ દલિત, આદિવાસી અને પછાત વર્ગોના અવાજને બુલંદ કરવા માટે જાણીતા છે. વર્ષોથી તેઓ શોષિત અને વંચિત સમાજના બંધારણીય હકો માટે ગ્રાઉન્ડ લેવલથી લઈને રાષ્ટ્રીય કક્ષા સુધી લડત આપી રહ્યા છે.



મુખ્ય સેવાકીય કાર્યો અને ઐતિહાસિક લડત કસ્ટોડિયલ ડેથના કેસમાં ન્યાયની જીત : ભાવનગરના ઘોઘા પોલીસ સ્ટેશનમાં દલિત યુવાન રમેશભાઈ સરધારા ના કસ્ટોડિયલ ડેથના કેસમાં કાંતિલાલભાઈએ એન.એચ.આર.સી. (રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ)માં મજબૂત રજૂઆત કરી હતી. જેના પરિણામે આયોગે પોલીસની બેદરકારી ગણીને પીડિત પરિવારને રૂા. ૫ લાખનું વળતર ચૂકવવાનો ઐતિહાસિક આદેશ કર્યો હતો.

અમરેલી દલિત અત્યાચાર કેસ : અમરેલી જિલ્લામાં દલિતો પર થયેલા અત્યાચાર અને પોલીસની નિષ્ક્રિયતા સામે તેમણે એન.એચ.આર.સી. સમક્ષ લડત ચલાવી દોષિતો સામે કડક કાર્યવાહી કરાવી હતી, જેણે રાજયભરમાં ચર્ચા જગાવી હતી.

ખેડા જિલ્લામાં સામાજિક બહિષ્કાર સામે લડતઃ ખેડાના અંતરિયાળ ગામોમાં જયારે દલિત સમાજનો સામાજિક બહિષ્કાર કરવામાં આવ્યો હતો, ત્યારે કાંતિલાલ પરમારે સ્થળ પર જઈને વહીવટી તંત્ર પર દબાણ લાવ્યું અને પીડિતોને સુરક્ષા તેમજ તેમનો માનવીય અધિકાર પુનઃ સ્થાપિત કરાવ્યો હતો.

સફાઈ કામદારોના હકો માટે જંગ : ગટરમાં ઉતરીને જીવ ગુમાવતા સફાઈ કામદારોના પરિવારોને મળવાપાત્ર વળતર અને ''મેન્યુઅલ સ્કેવેન્જિંગ'' નાબૂદી માટે તેમણે અનેક રજૂઆતો કરી છે. અનેક કિસ્સાઓમાં તેમણે પીડિત પરિવારોને સરકારી સહાય અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

એટ્રોસિટી એક્ટનું ચુસ્ત અમલીકરણ : અનુસૂચિત જાતિ/જનજાતિ અત્યાચાર નિવારણ ધારા (Atrocity Act) હેઠળ નોંધાયેલા કેસોમાં પોલીસ દ્વારા ચાર્જશીટ કરવામાં થતો વિલંબ કે પુરાવાઓ સાથે ચેડાં સામે તેઓ સતત ''મોનિટરિંગ'' કરે છે અને ઉચ્ચ કક્ષાએ પત્રવ્યવહાર કરીને પીડિતોને ન્યાય અપાવે છે.

બંધારણીય જાગૃતિ અભિયાનઃ તેઓ કેવળ કાયદાકીય લડત જ નહીં,પરંતુ સમાજમાં વ્યાપેલી અસમાનતા અને અંધશ્રદ્ધા સામે પણ ઝુંબેશ ચલાવે છે. બાબા સાહેબ આંબેડકરે આપેલા બંધારણીય અધિકારો પ્રત્યે ગ્રામીણ જનતા જાગૃત થાય તે માટે તેઓ સતત કાર્યરત છે.

તેમની કાર્યશૈલીની વિશેષતા ''જયાં અન્યાય છે, ત્યાં કાંતિલાલ પરમારનો અવાજ છે.'' (આનાથી મોટાનું ચિન) તેઓ કોઈ પણ પદ કે પ્રતિષ્ઠાની મોહ-માયા વગર, પાયાના સ્તરે જઈને સત્યની તપાસ કરે છે અને પુરાવાઓ સાથે રાષ્ટ્રીય કક્ષાએ રજૂઆત કરે છે. તેમની નિડરતા અને કાયદાકીય સમજ શોષિત સમાજ માટે આશાનું કિરણ બની છે.

સમાજ સેવા અને માનવ અધિકારો માટે સમર્પિત વ્યકિતત્વ ! **કાંતિલાલ પરમાર (માનવ અધિકાર કાર્યકર)**

### પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ ચૂંટણી કાર્યાલય ખુલ્લું મૂક્યું

## વડિયામાં પગપાળા વેપારીઓની મુલાકાત લઇ મત માટે અપીલ કરી

### રસ્તાઓ અને પાયાની સુવિધાઓ બાબતે ભાજપ પર કર્યા પ્રહાર

વડિયા, તા.૨૨

સમગ્ર રાજયમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો માહોલ જામ્યો છે ત્યારે અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયામાં આમ આદમી પાર્ટીના તાલુકા જિલ્લા પંચાયતના ઉમેદવારોના ચૂંટણી કાર્યાલયનો પ્રારંભ આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ રીબીન કાપી કર્યો હતો. કાર્યાલયના ઓપનિંગ બાદ આપ નેતા ઈસુદાન ગઢવી વડિયાની મુખ્ય બજારમાં ઉમેદવારો અને કાર્યકર્તાઓ સાથે ઢોલ નગારા સાથે પગપાળા વેપારીઓ અને લોકોની મુલાકાતે નીકળ્યા હતા. વેપારીઓ અને બજારમાં ઉપસ્થિત લોકોને પરિવર્તન લાવવા અને આમ આદમી પાર્ટીના ઉમેદવારોનેવિજય બનાવવા અપીલ કરતા




જોવા મળ્યા હતા. ઈસુદાન ગઢવીની અચાનક મુલાકાતથી વડિયામાં ચૂંટણીનો માહોલ સતત ગરમાતો જોવા મળી રહ્યો છે ત્યારે આમ આદમી પાર્ટી કોંગ્રેસ અને ભાજપ વચ્ચે ત્રીપાંખિયા જંગમાં જોરદાર રસાકસી જોવા મળી રહી છે ત્યારે લોકો મતદાન રૂપીકળશ કઈ બાજુ ઢોળશે તે તો આવનારો સમય જ બતાવશે પરંતુ હાલ ઉમેદવારોના ડોર ટુ ડોર પ્રચારમાં માહોલ ગરમાતો હોવા મળી રહ્યો છે.

### સનાતન સંસ્કૃતિની અનોખી મિસાલ

## કાઠી દરબારોની 'સાડા ત્રણ દિવસની સૂર્ય ઉપાસના'માં જોડાયા બ્રાહ્મણ યુવાન કિશન શીલુ

અમરેલી, તા. ૨૨

ભારતીય સંસ્કૃતિ હંમેશા ' વસુધૈવ કુટુંબકમ' અને સામાજિક સમરસતાના પાયા પર ટકેલી છે. જયારે પરંપરાઓ અને શ્રદ્ધાના તાંતણે બે સમાજ એકબીજા સાથે જોડાય છે, ત્યારે રાષ્ટ્રભાવના વધુ પ્રબળ બને છે. આવું જ એક સુંદર ઉદાહરણ અમરેલીના બ્રહ્મ સમાજના યુવાન કિશનભાઈ શીલુ (રાજગોર)એ પૂરૂં પાડ્યું છે. સૌરાષ્ટ્રની ધરતી પર કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા સદીઓથી સૂર્ય ઉપાસનાનો મહિમા રહ્યો છે. ખાસ કરીને થાનગઢના સૂર્યમંદિરના રક્ષણ માટે અપાયેલા બલિદાનની યાદમાં કાઠી દરબારો દ્વારા કરવામાં આવતા ' સાડા ત્રણ દિવસના કઠિન ઉપવાસ' એક પવિત્ર પરંપરા છે. આ વર્ષે અમરેલીના રાષ્ટ્રપ્રેમી બ્રાહ્મણ યુવાન



કિશનભાઈ શીલુએ પણ આ વ્રત-ઉપાસનામાં જોડાઈને એકતાનો અનોખો સંદેશ આપ્યો છે.

કિશનભાઈ શીલુ એક એવા યુવાન છે જેમના હૃદયમાં રાષ્ટ્રભાવના અને સનાતન પરંપરાઓ પ્રત્યે અતૂટ આદર છે. બ્રહ્મ સમાજમાંથી આવતા હોવા છતાં, તેમણે ક્ષત્રિય સમાજની આ પ્રાચીન સૂર્ય ઉપાસનાને અપનાવીને એ સાબિત કરી દીધું છે કે : ' 'ધર્મ અને સંસ્કૃતિ કોઈ જ્ઞાતિના વાડામાં સીમિત નથી, તે આખા સનાતન સમાજની ધરોહર છે.''આજના આધુનિક યુગમાં જયારે જ્ઞાતિવાદના વાડાઓ ક્યારેક અંતર ઊભું કરે છે, ત્યારે કિશનભાઈ જેવા યુવાનો સંસ્કૃતિના માધ્યમથી સમાજને એક તાંતણે બાંધવાનું કામ કરી રહ્યા છે. કાઠી ક્ષત્રિય સમાજના ઈષ્ટદેવ સૂર્યનારાયણની ભકિતમાં લીન થઈને તેમણે બતાવ્યું છે કે પરંપરાઓનું સન્માન કરવું એ જ સાચી રાષ્ટ્રભકિત છે.કિશનભાઈનું આ પગલું માત્ર એક વ્રત નથી, પણ જ્ઞાતિ-જાતિના ભેદભાવ ભૂલીને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' અને 'સનાતન પરંપરા'ને જીવંત રાખવાનો એક સબળ પ્રયાસ છે. અમરેલી બ્રહ્મસમાજ અને સમગ્ર પંથકમાં કિશનભાઈના આ કાર્યની સરાહના થઈ રહી છે.

# અમરેલી : ગજેરા કેમ્પસ-વિદ્યાસભા સ્કૂલ ખાતે ઇન્ટર DLSS શૂટિંગ લીગનું આયોજન થયુ






તારીખ ૨૨ થી ૨૫ એપ્રિલ ૨૦૨૬ના રોજ અમરેલીની અગ્રણી શૈક્ષણિક સંસ્થા શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ-વિદ્યાસભા સ્કૂલ ખાતે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના માર્ગદર્શન હેઠળ આયોજિત ''ઈન્ટર ઉકજજ શૂટિંગ લીગ ૨૦૨૬'' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી. જેમાં ઉપસ્થિત જિલ્લા રમત વિકાસ અધિકારી (અમરેલી) પૂનમબેન ફૂમકિયા, સંસ્થાના મંત્રી ચતુરભાઈ ખૂંટ, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી ઉપસ્થિત રહયા હતા. કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી જણાવ્યું કે સર્વોતમ શિક્ષણના સ્વપ્ન દ્રષ્ટા પ્રમુખ વસંતભાઈ ગજેરાના માર્ગદર્શનથી સર્વાંગી શિક્ષણના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં ગજેરા કેમ્પસ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કરવામાં આવતી ગુણવત્તાસભર શિક્ષણ સતત મહેનત અને આત્મવિાસ સાથે પ્રયત્ન કરવામાં આવે છે. કોઈપણ વિદ્યાર્થી પોતાની ઉજ્જવળ કારકિર્દી બનાવી શકે છે. તેમજ ખેલાડીઓને પ્રેરણાદાયી શબ્દોથી ઉત્સાહિત કર્યા અને તેમને ઉત્તમ પ્રદર્શન કરવા માટે પ્રોત્સાહન આપ્યું. તેમના પ્રેરણાદાયી માર્ગદર્શનથી વિદ્યાર્થીઓમાં સ્પર્ધા પ્રત્યે અનેરો ઉત્સાહ વધાર્યો હતો. નોંધનીય છે કે આ સંસ્થામાં ભાઈઓ અને બહેનો માટે અલગ અને સુવ્યવસ્થિત નિવાસ વ્યવસ્થા ઉપલબ્ધ છે. ભોજનાલયથી લઈને રવિવારના મોટિવેશનલ કાર્યક્રમો, ફિલ્મ શો તેમજ વિવિધ ઉજવણી કાર્યક્રમો તેમજ ભાઈઓ અને બહેનો માટે અલગ-અલગ આયોજન સાથે સુચારૂ રીતે સંચાલિત કરવામાં આવે છે. તેમજ વાલીઓમાં સંસ્થાની સુવ્યવસ્થિત વ્યવસ્થા અને ગુણવત્તાયુકત શિક્ષણ પ્રત્યે વિાસ મજબૂત બન્યો છે. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

## જિલ્લાનાં મુખ્ય મથક અમરેલીમાં પાલિકાની ચૂંટણી સમયે અનેક સ્ટ્રીટલાઈટ બંધ

# પાલિકાની રોશની શાખાએ ભાજપની સોપારી લીધી લાગી છે

- ઉચ્ચ અધિકારીઓની કચેરી જયાં આવેલી છે તેવા રાજમહેલ પટાંગણની અનેક લાઈટો પૂનઃ બંધ
- શહેરનાં રાજમાર્ગ ગણાતા ચિતલ રોડ ઉપર સેંકડોની સંખ્યામાં સ્ટ્રીટલાઈટ બંધ
- મતદાનને ગણતરીની કલાકો બાકી હોય તે સમયે રોશની વિભાગનાં કર્મચારીઓ સ્ટ્રીટલાઈટ શરૂ કરાવી શકતા નથી
- રખડતા પશુઓ, ગંદકીથી ખદબદતા શૌચાલયની પણ સમસ્યા દૂર કરવામાં આવતી નથી



અમરેલી, તા. ૨૨

અમરેલી પાલિકાની સામાન્ય ચૂંટણી આગામી રવિવારે યોજાઈ રહી છે. શહેરનાં ૮૦ હજાર જેટલા મતદારો મતદાન કરવાનાં છે. સત્તા પક્ષ ભાજપ ધ્વારા શહેરીજનોને ભાજપ તરફી મતદાન કરવા માટે ઠેકઠેકાણે બેઠકો, ડોર ટુ ડોર પ્રચાર સહિતનાં કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. તે સમયે પાલિકાનાં રોશની અને આરોગ્ય સહિતનાં વિભાગોનાં કર્મચારીઓ ભાજપ સામે પડયા હોય તેવું જોવા મળી રહ્યું છે.

જિલ્લાનાં મુખ્ય મથક અને તેમાં પણ જયાંથી સમગ્ર જિલ્લાનાં વિકાસ કાર્યોનું આયોજન થાય છે અને જયાં ઉચ્ચ અધિકારીઓની કચેરી આવેલ છે તેવા રાજમહેલ પટાંગણમાં થોડા દિવસો પહેલા બંધ થયેલ સ્ટ્રીટલાઈટ પૂનઃ શરૂ કરાયા બાદ મંગળવારે રાત્રિનાં ૯ કલાકે અનેક સ્ટ્રીટલાઈટ બંધ હોવાનું દ્રશ્ય ''અમરેલી એકસપ્રેસ''નાં કેમેરામાં કેદ થયું છે.

તે જ સમયે સરદાર સર્કલથી ચિતલ રોડ ઉપર માં રોડની વચ્ચેની તેમજ બ્યુટિફિકેશનની પણ અનેક સ્ટ્રીટલાઈટ બંધ જોવા મળી તો, ચૂંટણી સમયે શહેરમાં રખડતા શ્વાન, ગૌમાતા અને આખલા જાહેર માર્ગ પર ટોળા સ્વરૂપે ફરી રહ્યા છે તેમજ શહેરનાં મોટાભાગનાં શૌચાલય નર્કાગારની હાલતમાં જોવા મળી રહ્યા છે.

એક તરફ ભાજપનાં આગેવાનો, કાર્યકર્તાઓ અને ઉમેદવારો મતદારોને પ્રાથમિક સુવિધા આપી રહ્યા છીએ અને આગામી પાંચ વર્ષમાં આપવાનાં છે તે સમજાવી રહ્યા છે. તે સમયે પાલિકાનાં પેધી ગયેલ કર્મચારીઓ ચૂંટણીનાં સમયે પણ અંધારપટ્ટ દૂર કરવો, રખડતા પશુઓને ડબ્બે પુરવા કે જાહેર શૌચાલયની સ્વચ્છતા કરવામાં ઠાગાઠૈયા કરી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઉર્જા રાજયમંત્રી કૌશિક વેકરિયા અમરેલી શહેરને ''લીલીછમ્મ વેલી'' બનાવવા દિવસ-રાત એક કરી રહ્યા છે. કરોડો રૂપિયાની ગ્રાન્ટ મેળવીને વિકાસ કાર્યો કરાવી રહ્યા છે. તે સમયે પાલિકા અને માર્ગ-મકાન વિભાગનાં અમુક કર્મચારીઓ જાણી જોઈને જનતા પરેશાન થાય તેવું કારસ્તાન કરી રહ્યા છે.






*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)